RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 100* Date: 30.01.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાને વર્ષની પહેલી 'મન કી બાત' કરી

# લોકશાહી આપણી નસમાં છે, આપણી સંસ્કૃતિમાં છે

નવીદિલ્હી,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મન કી બાત પ્રોગ્રામમાં દેશવાસીઓને સંબોધિત કર્યા. તેમણે પદ્મ પુરસ્કાર મેળવનાર લોકોના જીવનની કહાનીઓ જણાવી અને લોકોને પણ તેમના જીવનની પ્રેરક કહાનીઓ વાંચવાની અપીલ કરી. સાથે જ, તેમણે કહ્યું કે, લોકશાહી આપણી નસમાં છે, આપણી સંસ્કૃતિમાં છે. તે સદીઓથી આપણાં કામકાજનો એક અભિન્ન ભાગ પણ રહ્યો છે. સ્વભાવથી આપણે એક ડેમોક્રેસી સોસાયટી છીએ.

મોદીએ કહ્યું કે પદ્મ પુરસ્કાર વિજેકાઓની એક મોટી સંખ્યા આદિવાસી સમુદાયો અને આદિવાસી સમાજ સાથે જોડાયેલાં લોકો તરફથી આવે છે. આદિવાસી જીવન શહેરના જીવનથી અલગ છે, તેમના પોતાના અનેક પડકાર પણ છે. તેમ છતાંય આદિવાસી સમાજ પોતાની પરંપરાઓને બચાવવા માટે હંમેશાં આતુર રહે છે. ટોટો, હો, કુઈ, કુવી અને માંડા જેવી આદિવાસી ભાષાઓ ઉપર કામ કરતી અનેક મહાન હસ્તિઓને પદ્મ પુરસ્કાર મળી ગયા છે. આ આપણાં બધા જ લોકો માટે ગર્વની બાબત છે. સિદ્દી, જારવા અને ઓંગે આદિવાસીઓ સાથે કામ કરનાર લોકોને આ વખતે પણ સન્માનિત કરવામાં આવ્યાં છે.

ગણતંત્ર દિવસ સમારોહમાં અનેક બાબતોની ખૂબ જ પ્રશંસા થઈ રહી છે. ૨૬ જાન્યુઆરીની પરેડ દરમિયાન કર્તવ્ય પથનું નિર્માણ કરનાર શ્રમિકોને જોઈને ખૂબ જ સારું લાગ્યું. આ પરેડમાં પહેલીવાર ભાગ લેનાર મહિલા ઊંટ સવાર સીઆરપીએફની મહિલા ટુકડીના પણ ઘણાં વખાણ થઈ રહ્યાં છે.ડો. આંબેડકરે બૌદ્ધ ભિક્ષુ સંઘની સરખામણી ભારતીય સંસદ સાથે કરી હતી. તેમણે તેને એવી સંસ્થા જણાવી હતી, જ્યાં પ્રસ્તાવ, સંકલ્પ, કોરમ અને વોટની ગણતરી માટે અનેક નિયમ હતાં. બાબાસાહેબ પ્રમાણે, ભગવાન બુદ્ધને તેની પ્રેરણા તે સમયની રાજનૈતિક વ્યવસ્થાઓ દ્વારા મળી હશે.પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે હું એક રસપ્રદ પુસ્તકનો ઉલ્લેખ કરીશ. જેનું નામ ઈન્ડિયા-ધ મધર ઓફ ડેમોક્રેસી છે. તેમાં અનેક કહાનીઓ છે. તે બધી જ વાંચવી જોઈએ.વડાપ્રધાને કહ્યું કે મને ગમશે કે દેશના દરેક ખૂણામાં, જ્યાં જી-૨૦ સમિટ યોજાઈ રહી છે, ત્યાં



મિલેટ્સથી બનેલાં પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વ્યંજનો સામેલ કરવામાં આવે. તમે કલ્પના કરી શકો છો કે દેશની આ કોશિશ અને દુનિયામાં વધતી મિલેટ્સની ડિમાન્ડ આપણાં નાના ખેડૂતોને કેટલી તાકાત આપી શકે છે. ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સની આવી શાનદાર શરૂઆત માટે અને તેને સતત આગળ વધારવા માટે હું દેશવાસીઓને શુભકામનાઓ આપું છું.યોગ દિવસ અને આપણાં વિવિધ પ્રકારના બરછટ અનાજ અથવા મિલેટ્સમાં ઘણી સામન્યતા છે. આ ફેરફારનો ખૂબ જ મોટો પ્રભાવ પણ જોવા મળી રહ્યો છે. જે પ્રકારે લોકોએ વ્યાપક સ્તરે સક્રિય ભાગીદારી કરીને યોગ અને ફિટનેસને પોતાના જીવનનો ભાગ બનાવ્યો છે, તેવી જ રીતે મિલેટ્સને પણ લોકો અપનાવી રહ્યા છે. લોકો હવે તેનો પોતાના ખાનપાનનો ભાગ બનાવી રહ્યા છે.બીચ માટે જનાર ટૂરિસ્ટ્સ હબ ગોવા આજે કોઈ અન્ય કારણોથી પણ ચર્ચામાં છે. તેનું કારણ પણજીમાં થયેલું પર્પલ ફેસ્ટ છે. મને વિશ્વાસ છે કે એક્સેસિબલ ઈન્ડિયાના વચનને સાકાર કરવામાં આ પ્રકારના અભિયાન ખૂબ જ કારગર સાબિત થશે. પર્પલ ફેસ્ટને સફળ બનાવવા માટે ભાગ લેનાર લોકોને હું અભિનંદન પાઠવું છું.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત દુનિયાનું સૌથી મોટુ લોકતંત્ર છે અને આપણે ભારતીયોને તે વાતનો ગર્વ પણ છે કે આપણો દેશ મદર ઓફ ડેમોક્રેસી પણ છે. લોકતંત્ર આપણી રગોમાં છે. આપણી સંસ્કૃતિમાં છે. પીએમ મોદીએ કહ્યું કે, સદીઓથી તે આપણા કામનું અભિન્ન અંગ રહ્યું છે. સ્વભાવથી આપણે એક ડેમોક્રેટિક સોસાયટી છીએ.આ અગાઉ ૨૫ ડિસેમ્બરે પીએમ મોદીના મન કી બાતનો ૯૬મો એપિસોડ દેશના લોકોએ સાંભળ્યો હતો. વર્ષ ૨૦૨૨માં અંતિમ મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, ૨૦૨૨માં ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.પીએમ મોદીએ કહ્યું કે, વધુ એક રસપ્રદ વાત એ છે કે, હું આપને કહેવા માગું છું કે, ભારતમાં છેલ્લા ૧૧ વર્ષોમાં પહેલી વાર ડોમેસ્ટિક પેંટેંટ ફાઈલિંગની સંખ્યા ફોરેન ફાઈલિંગથી વધારે જોવા મળી છે. આ ભારતમાં વધતા વૈજ્ઞાનિક સામર્થ્યને બતાવે છે. તેમણે કહ્યું કે, સાથીઓ, આજે પેટેંટ ફાઈલિંગમાં ભારતનું રેક્રીંગ ૭મું અને ટ્રેડમાર્ક્સમાં ૫મું છે. ફક્ત પેટેંટ્સની વાત કરીએ તો, છેલ્લા પાંચ વર્ષમાં તેમાં ૫૦ ટકાનો વધારો થયો છે.પ્રધાનમંત્રીએ કહ્યું કે, મને પુરો વિશ્વાસ છે કે, એક્સેસિબલ ઈંડિયા આપણા વિઝનને સાકાર કરવામાં આ પ્રકારના અભિયાન ખૂબ જ કારગાર સાબિત થશે.પીએમ મોદીએ કહ્યું કે, સાથીઓ, આજે હિન્દુસ્તાનના ખૂણે ખૂણે જી ૨૦ સમિટ ચાલી રહ્યા છે અને મને ખુશી છે કે, દેશના દરેક ખૂણામાં જી ૨૦ સમિટ થઈ રહ્યા છે. મિલેટ્સથી બનેલા પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વ્યંજન તેમાં સામેલ હોય છે. તેમણે કહ્યું કે, આપ કલ્પના કરી શકો છો કે, દેશનો આ પ્રયાસ અને દુનિયામાં વધતી મિલેટ્સની ડિમાન્ડ આપણા નાના ખેડૂતોને કેટલીય તાકાત આપશે.

# રાહુલ ગાંધીએ કાશ્મીરના લાલચોક પર ફરકાવ્યો તિરંગો

શ્રીનગર,તા.૨૯

અહીં રાહુલ ગાંધીએ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ધ્વજ ફરકાવ્યો હતો. તિરંગો લહેરાવતાની સાથે જ કોંગ્રેસના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રાહુલ ગાંધીની સાથે તેમની બહેન અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ હાજર હતા. ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. લાલ ચોકની આસપાસના સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને શહેરના કેન્દ્રની આસપાસ બહુસ્તરીય સુરક્ષા કોર્ડન કરવામાં આવી છે. રાહુલ ગાંધી આજે સાંજે ૫ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ પણ કરશે.

લાલ ચોક ખાતે ધ્વજવંદન સમારોહ બાદ રણદીપ




સુરજેવાલાએ કહ્યું હતું કે, 'લાલ ચોક પરથી ભારતીય ધ્વજ લહેરાવીને અમે બતાવ્યું છે કે ન તો નફરત, ન ભાગલા, ન ભાગલા કામ કરશે.

આ દેશમાં પ્રેમ અને ભાઈચારો ચાલશે. બેરોજગારી અને મોંઘવારી માટે મોદી સરકારે જવાબ આપવો પડશે. આજે દેશમાં નફરત અને ભાગલાનું વાતાવરણ છે. દેશના વડાપ્રધાન કરતા ૧૪૦ કરોડ લોકો મોટા છે, પછી તે મોદી હોય કે અન્ય કોઈ... આ જોઈને, લોકો આ દેશનો ધ્વજ છે. આજે આપણે દેશના પુનઃ એકીકરણની જાહેરાત કરી રહ્યા છીએ.'

એક પ્રશ્નના જવાબમાં સુરજેવાલાએ કહ્યું કે, 'કાશ વડાપ્રધાને પોતાના મનના ચોરને જોયો હોત, તો સત્ય સામે આવ્યું હોત. આ દેશને રોજેરોજ કબ્રસ્તાન અને સ્મશાન બનાવવામાં આવી રહ્યા છે.

આ દેશ રોજગારથી ચાલશે. જ્યારે ગેસ સિલિન્ડરની કિંમત ૪૦૦ રૂપિયા હશે તો દેશ ચાલશે, જ્યારે દાળ ૬૦ રૂપિયાની થશે તો દેશ ચાલશે. જ્યારે બેરોજગારોને રોજીરોટી મળશે તો દેશ ચાલશે.લાલચોક પછી ભારત જોડો યાત્રા શહેરના બુલેવાર્ડ ક્ષેત્રમાં નેહરૂ પાર્ક તરફ આગળ વધશે, જ્યારે ૪૦૮૦ કિલોમીટર લાંબી આ પદયાત્રાનુ ૩૦ જાન્યુઆરીએ સમાપન થશે. આ યાત્રા સાત સપ્ટેમ્બરે તમિલનાડુનાં કન્યાકુમારીથી શરૂ થઈ હતી અને દેશભરના ૭૫ જીલ્લામાંથી પસાર થઈ છે.ભારત જોડો યાત્રા દરમિયાન શ્રીનગરના લાલ ચોક ખાતે રાહુલ ગાંધીએ તિરંગો ફરકાવ્યો હતો. શ્રીનગરમાં રાહુલની સાથે બહેન પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસ નેતા જયરામ રમેશ પણ હાજર રહ્યા હતા. રાહુલે કાર્યકરોની સાથે રાષ્ટ્રગીત પણ ગાયું હતું. રાહુલ ગાંધીએ તિરંગો ફરકાવ્યો તે દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ જવાનો તહેનાત રહ્યા હતા.ભારત જોડો યાત્રા કાશ્મીરમાં ચાલી રહી છે.

રવિવારે યાત્રા શ્રીનગરના પંથા ચોકથી સવારે ૧૦ વાગે શરૂ થઈ હતી.

સાડા અગિયાર વાગે સોનવાર ચોક ખાતે બ્રેક લીધો હતો. બાદમાં રાહુલ ગાંધીએ શ્રીનગરના લાલ ચોક ખાતે તિરંગો ફરકાવ્યો હતો. લાલ ચોક ખાતે મોટી સંખ્યામાં પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા હતા.

સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો હતો. આસપાસની તમામ દુકાનોને બંધ કરાવી દેવામાં આવી હતી.કોંગ્રેસની યાત્રામાં શનિવારે પીડીપી ચીફ મહેબૂબા મુફ્તી પણ પોતાની પુત્રી ઈલ્તિઝા મફ્તી સાથે જોડાયાં હતાં.

રાહુલની સાથે તેમનાં બહેન પ્રિયંકા પણ નજરે પડ્યાં હતાં. યાત્રા દરમિયાન રાહુલે પુલવામામાં ૨૦૧૯માં બોમ્બ વિસ્ફોટમાં શહીદ થયેલા ઝઈંક્ષના ૪૦ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

મળતી માહિતી મુજબ સોમવારે રાહુલ ગાંધી શ્રીનગરમાં એમએ રોડ સ્થિત કોંગ્રેસ કાર્યાલય માં તિરંગો લહેરાવશે.

જે બાદ એસકે સ્ટેડિયમમાં એક જનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જે જનસભામાં ૨૩ વિપક્ષી દળોનાં નેતાઓનં આમંત્રિત કરવામાં આવ્યા છે.

## રામના નામ પર પાંચ વર્ષ મલાઈ ખાધી,આ ખુરશી લાલચી લોકો છે : ઓમ પ્રકાશ રાગજભર

લખનૌ,તા.૨૯

સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ધારાસભ્ય ઓમ પ્રકાશ રાજભરેએ સપા નેતા સ્વામી પ્રસાદ મૌર્ય પર નિશાન સાધ્યું છે.

એ યાદ રહે કે તાજેતરમાં જ સ્વામી પ્રસાદ મૌર્યે રામ ચરિચ માનસને લઇ એક નિવેદન આપ્યું હતું.હવે ઓમ પ્રકાશ રાજભરે તેમના આ નિવેદનને લઇ કહ્યું કે તેમણે આવું નિવેદન એટલા માટે આપ્યું કારણ કે તે ચર્ચામાં બની રહેવા ઈચ્છે છે.એ યાદ રહે કે સ્વામી પ્રસાદ મૌર્યે રામ ચરિત માનસને બકવાસ બતાવી હતી ત્યારબાદ તેમના આ નિવેદનને લઇ ખુબ વિવાદ થયો હતો.

ઓમ પ્રકાશ રાજભરે સ્વામી પ્રસાદ મૌર્ય પર પ્રહારો કરતા કહ્યું કે પાંચ વર્ષ સુધી ભગવાન રામનુા નામ પર મલાઇ ખાધી પરંતુ પાંચ વર્ષ બાદ જયારે જોયું કે હવે કરવટ બદલી લો તો સત્તાની લાલચમાં પાર્ટી બદલી લીધી આ સત્તા માટે લડે છે સમાજના હક અધિકાર માટે બોલતા નથી રાજભરે અહીજ અટકયા નહીં તેમણે કહ્યું કે કોઇ પુછી રહ્યું નથી આથી તેઓ આવું કરી રહ્યાં છે.

તેમણે કહ્યું કે સ્વામી જી ચાર વાર બસપામાં મંત્રી રહ્યાં તે દસુરમિયાન તેમને ધર્મ યાદ ન આવ્યો ન તો પછાત દલિત યાદ આવ્યા ન તો રામચરિતમાનસ યાદ આવ્યું હવે જોયું કે બસપાની સત્તા જઇ રહી છે તો પાર્ટી બદલી લીધી આ સત્તાની લાલચ છે.

### સુપ્રીમ કોર્ટના પૂર્વ જજે કાનુન મંત્રીને યાદ અપાવ્યું કર્તવ્ય

## અદાલતના નિર્ણયને સ્વીકાર કરવો તેમનું કર્તવ્ય છે પછી ભલે તે યોગ્ય હોય કે ખોટું : નરીમન

નવીદિલ્હી,તા.૨૯

ઉચ્ચ અદાલતોમાં નિયુક્તિઓ માટે સુપ્રીમ કોર્ટની કોલેજિયમ પ્રણાલી પર કેન્દ્રના વધતા હુમલા વચ્ચે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ રોહિંટન ફલી નરીમને એક જાહેર કાર્યક્રમમાં કાનુન મંત્રી કિરણ રિજિજુને નિશાન પર લીધા હતાં. ફલી નરીમન ખુદ ઓગષ્ટ ૨૦૨૧માં સેવાનિવૃત થતા પહેલા કોલેજિયમનો હિસ્સો હતાં.ન્યાયપાલિકા પર કાનુન મંત્રીની જાહેર ટીપ્પણીની ટીકા કરતા નરીમને કાનુન મંત્રીને યાદ અપાવ્યું હતું કે અદાલતના નિર્ણયનો સ્વીકાર કરવો તેમનું કર્તવ્ય છે પછી ભલે તે યોગ્ય હોય કે ખોટો

ફલી નરીમને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પર પણ નિશાન સાધ્યું હતું જેમણે બંધારણના બુનિયાદી માળખાના સિધ્ધાંત પર સવાલ ઉઠાવ્યા હતાં નરીમને ઉપરાષ્ટ્રપતિનું નામ લીધા વિના કહ્યું કે બંધારણનું હુનિયાદી માળખુ મોજુદ છે અને ભગવાનો આભાર છે કે આ રહેશે.કોલેજિયમ દ્વારા અનુશંસિત નામો પર કેન્દ્રના બેસવા પર તેમણે કહ્યું કે આ લોકતંત્ર માટે ઘાતક હતું અને સરકારને જવાબ આપવા માટે ૩૦ દિવસની સીમાનું સુચન આપ્યું અથવા તો ભલામણ સ્વચાલિત રીતે સ્વીકૃત થઇ જશે.નરીમને કહ્યું કે આપણે આ પ્રક્રિયાની વિરૂધ્ધ આજના કાનુન મંત્રીની ટીકા સાંભળી છે.હું કાનુન મંત્રીને આશ્વસ્ત કરૂ છું કે બંધારણના બે બુનિયાદી બંધારણીય મૂળભૂત સિધ્ધાંત છે.જેને તેમણે જાણવા જોઇએ એક છે ઓછામાં ઓછા પાંચ અનિર્વાચિત ન્યાયાધીશોને આપણે બંધારણીય બેંચ કહીએ છીએ આ બંધારણની વ્યાખ્યા કરવા માટે વિશ્વસનીય છે એકતવાર તે પાંચ કે તેનાથી વધુએ બંધારણની વ્યાખ્યા કરી લીધી તો આ તે નિર્ણયનું પાલન કરવું કલમ ૧૪૪ હેઠળ એક પ્રાધિકરણના રૂપમાં આપણુ કર્તવ્ય છે તમે ઇચ્છો તો તેની ટીકા કરી શકો છો એક નાગરિકના રૂપમાં હું તેની ટીકા કરી શકુ છું કોઇ વાત નથી પરંતુ કયારેય ભુલશો નહીં કે હું આજે એક નાગરિક છું તમે એક પ્રાધિકરણ અને એક પ્રાધિકરણના રૂપમાં તમે તે નિર્ણયથી બંધાયેલા છે.પછી ભલે તે યોગ્ય હોય કે ખોટો એ યાદ રહે કે સરકાર ન્યાયાધીશોની નિયુક્તિઓમાં મોટી ભૂમિકા માટે દબાણ બનાવી રહી છે.

## દેવેન્દ્ર ફડનવીસની પત્ની પર પોસ્ટ કરવા ભાજપ નેતાને ભારે પડયું,પાર્ટીએ બહારનો રસ્તો બતાવ્યો

મુંબઇ,તા.૨૯

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની પત્ની અમૃતા ફડનવીસને લઇ ભાજપના એક નેતાને કહેવાતી રીતે વાંધાજનક સોશલ મીડિયા કરી દીધી હતી. ત્યારબાદ પાર્ટીએ મહારાષ્ટ્રના ચંદ્રપુર જીલ્લાના ભાજપ નેતાને બરતરફ કરી દેવામાં આવ્યા છે.પોલીસ દ્વારા જારી એક પ્રેસનોટમાં કહેવામાં આવ્યું છે કે ગોંડપિપારીમાં ભાજપ કાર્યકર્તાઓ દ્વારા દાખલ કરવામાં આવેલ ફરિયાદો બાદ મહારાષ્ટ્ર પોલીસ અધિનિયમની કલમ ૫૬(૧) એ)(બી) હેઠળ ખેચચંદ ગરાપલ્લીવરને જીલ્લા બહાર કરી દેવામાં આવ્યા છે. ખેમચંદ ગરાપલ્લીવર અને તેની પત્ની જે પહેલા નગર પરિષદ ચુંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટાઇ આવી હતી,બે મહીના પહેલા મંત્રી સુધીર મુનગંટીવારની હાજરીમાં ભાજપમાં સામેલ થયા હતાં. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની પત્ની પહેલા પણ કેટલાક મુદ્દાને લઇ વિવાદમાં રહેલ છે.તાજેતરમાં એનસીપીએ અમૃતા ફડનવીસ પર આરોપ લગાવ્યો હતો કે તેમણે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે મળેલ સરકારી બંગલામાં રીલ્સની શુટીંગ કરાવી હતી એનસીપીએ સવાલ ઉઠાવ્યો હતો કે શું આમ કરતા પહેલા અમૃતા ફડનવીસે અધિકારીઓથી તેની મંજુરી લીધી હતી. એનસીપીના પ્રવકતા હેમા પિપલે આરોપ લગાવ્યો હતો કે અમૃતા ફડનવીસે સરકાર બંગલામાં ઈસ્ટાગ્રામ માટે પોતાની નવી વીડિયોની રીલ શૂટ કરી હતી.મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીની પત્ની અમૃતા ફડનવીસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવા ભારતના રાષ્ટ્રપિતા બતાવ્યા હતાં તેમણે કહ્યું હતું કે ભારતના બે રાષ્ટ્રપિતા છે એક પહેલા હતાં એક નવા ભારતના રાષ્ટ્રપિતા છે મારૂ માનવું છે કે મહાત્મા ગાંધી ભારતના રાષ્ટ્રપિતા છે જ્યારે નરેન્દ્ર મોદી નવા ભારતના રાષ્ટ્રપિતા છે.

## ફરજમાં બેદરકારી દાખવનારા કે અપરાધ કરનારા દોષી કેન્દ્રીય કર્મચારીઓને પેન્શન અને ગ્રેચ્યુઈટી નહીં મળે

નવીદિલ્હી,તા.૨૯

ફરજમાં બેદરકારી દાખવનારા કે અપરાધ કરનારા કેન્દ્રીય કર્મચારીઓને હવે મોટું નુકસાન થઈ શકે છે. કેન્દ્ર સરકારે કર્મચારીઓને એક ચેતવણી આપી છે, જેની ઉપેક્ષા કરનારા કર્મચારીઓને રિટાયરમેન્ટ પછી પેન્શન અને ગ્રેચ્યુઈટી ગુમાવવી પડી શકે છે.

જો કોઈ સરકારી કર્મચારી પોતાના કામમાં બેદરકારી દાખવે છે તો એના માટે રિટાયરમેન્ટ પછી તેનું પેન્શન અને ગ્રેચ્યુઈટી રોકવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે. સરકારનો આ આદેશ કેન્દ્રીય કર્મચારીઓને લાગુ રહેશે. જોકે ભવિષ્યમાં રાજ્યો પણ એનો અમલ કરી શકે છે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ સિવિલ સર્વિસિસ (પેન્શન) રૂલ ૨૦૨૧ના સંબંધમાં એક નોટિફિકેશન ઈશ્યુ કર્યું હતું, જેમાં કેન્દ્ર સરકારે રીસન્ટ્લી રૂલ આઠમાં ફેરફાર કર્યો હતો જેમાં નવી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું હતું કે જો કોઈ કેન્દ્રીય કર્મચારી પોતાની ફરજ દરમ્યાન કોઈ ગંભીર અપરાધ કે બેદરકારીના આરોપમાં દોષી પુરવાર થશે તો રિટાયરમેન્ટ પછી તેની ગ્રેચ્યુઈટી અને પેન્શન રોકવામાં આવશે.

સંબંધિત મંત્રાલય કે વિભાગની સાથે જોડાયા હોય એવા સચિવ કે જેમના હેઠળ રિટાયર થનારા કર્મચારીની નિમણૂક કરવામાં આવી હોય, તેમને પેન્શન અને ગ્રેચ્યુઈટી રોકવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે. જો કોઈ કર્મચારી ઑડિટ અને અકાઉન્ટ વિભાગમાંથી રિટાયર થયો હોય તો કેગને દોષી કર્મચારીઓને રિટાયર થયા બાદ પેન્શન અને ગ્રેચ્યુઈટી રોકવાનો અધિકાર આપવામાં આવ્યો છે.નિયમ અનુસાર નોકરી દરમ્યાન જો કોઈ કર્મચારીની વિરુદ્ધ કોઈ ડિપાર્ટમેન્ટલ કે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવી હોય તો એની જાણકારી પણ સંબંધિત અધિકારીઓને આપવી પડશે.જો કોઈ કર્મચારીની રિટાયરમેન્ટ બાદ ફરીથી નિમણૂક કરવામાં આવે છે તો એના પર પણ આ નિયમ લાગુ પડશે.

જો કોઈ કર્મચારીએ રિટાયરમેન્ટ પછી પેન્શન અને ગ્રેચ્યુઈટીની રકમ લઈ લીધી હોય અને એના પછી તે દોષી પુરવાર થાય તો તેની પાસેથી પૂરેપૂરી કે એના થોડાક ભાગની વસૂલાત કરી શકાય છે. નુકસાનના આધારે એ બાબતે સંબંધિત અધિકારીઓ નિર્ણય કરશે. ઑથોરિટી ઈચ્છે તો કર્મચારીનું પેન્શન અને ગ્રેચ્યુઈટીને કાયમી કે થોડા સમય માટે રોકી શકે છે.

## તંત્રી સ્થાનેથી...

# બંધારણ ઘડતી વેળાની અસહમતિઓ પણ યાદ રાખવી જરૂરી

*બંધારણને લાગુ થયે ૭૨ વર્ષ વીતી ગયાં. આ બોંતેર વર્ષમાં દેશે કેટલીય ઉપલબ્ધિઓ મેળવી છે, વૈશ્વિક સ્તર પર પોતાની ધાક જમાવી છે. સૌથી મોટી વાત એ કે સમાન અને વયસ્ક મતદાન અધિકાર દ્વારા દેશે લોકતંત્રનું બીજ વાવ્યું તે હવે લોકતાંત્રિક ઈતિહાસનું વટવૃક્ષ બની ગયું છે. નિશ્ચિતપણે તમામ મોરચે હાંસલ દેશની ઉપલબ્ધિઓની સૌથી મજબૂત બુનિયાદ ભારતીય બંધારણ અને તેની પરંપરાઓ છે. આજે જે બંધારણે બનાવેલા પાટા પર રાષ્ટ્રરૂપી રેલવે ઝડપથી આગળ વધી રહી છે, તેમાં સર્વાનુમતિ સૌથી મોટી તાકાત છે. તેનો એ મતલબ નહીં કે બંધારણ રચતી વખતે દરેક મુદ્દા પર માત્ર સહમતિના જ સૂર રહ્યા હતા. બંધારણ રચતી વખતે બંધારણીય ઉપબંધો અને અનુચ્છેદો પર ચર્ચા દરમ્યાન કેટલીય વાર અસહમતિઓ પણ પેદા થઈ હતી.*

*અસહમતિઓના એ અવાજોને ત્યારની બંધારણ સભાની પ્રભાવશાળી હસ્તીઓએ ફગાવી દીધા હતા. અસહમતિઓ સાથે ઊઠેલ આશંકાઓને પણ નિર્મૂળ ગણાવી હતી. મજબત એ લચીલાપણા સાથે સંતુલિત બંધારણ દ્વારા હોવું તો એ જોઈએ કે તે આશંકાઓ અને તેમને લઈને તત્કાલીન જોગવાઈઓ પ્રત્યે ઉઠેલ અસહમતિઓના સૂરો અપ્રાસંગિક થઈ જવા જોઈતા હતા, પરંતુ એવું નથી થઈ શક્યું. બંધારણ સભાની ચર્ચાઓ દરમ્યાન જે આશંકાઓને ફગાવી દેવામાં આવી હતી, તે હવે સાચી પડતી દેખાઈ રહી છે. સમય આવી ગયો છે કે ગણતંત્ર દિવસની ઉજવણીના પ્રસંગે બંધારણસભાની ચર્ચાઓ દરમ્યાન ઊઠેલ અસહમતિઓના સ્વરો અને આશંકાના અવાજોને પણ યાદ કરવા જોઈએ.*

*ભારતીય બંધારણને સ્વીકૃતિ મળતી વખતે કેટલીય જોગવાઈઓને લઈને સવાલ ઊઠ્યા. એવો જ સવાલ હતો - કેન્દ્ર વધુ તાકાતવર હોવું જોઈએ કે રાજ્યો? દેશે જે સંઘવાદ સ્વીકાર કર્યો છે, તેમાં એક હદ બાદ કેન્દ્રીય વ્યવસ્થા વધુ તાકાતવર નથી. સરદાર પટેલે દેશી રજવાડાં અને બ્રિટિશ શાસિત ભારતના એકીકરણની જે સફળ પ્રક્રિયા ચલાવી, તેનો મૂળ ઉદ્દેશ્ય રાષ્ટ્ર તરીકે ભારતીય સત્તાને મજબૂત બનાવવાનો હતો. મજબૂત ભારતીય સત્તાનો સામાન્ય મતલબ કેન્દ્રીય વ્યવસ્થા તાકાતવર હોવાનો જ હોઈ શકે. પરંતુ આજે સ્થિતિ એ છે કે કેટલાય પ્રસંગે રાજ્ય પણ પોતાની રીતે મનમાની કરતા દેખાય છે. બંધારણ સભાની ચર્ચાઓમાંથી પસાર થતાં ઓછામાં ઓછા ત્રણ સદસ્યો એવા દેખાય છે, જેઓ માને છે કે મજબત રાષ્ટ્ર તરીકે ભારતની અસ્મિતા માટે કેન્દ્રીય સત્તાનું તાકાતવર હોવું જરૂરી હોવું જોઈએ. બંધારણ સભાની ચર્ચા જોઈએ તો ખબર પડશે કે રાજેન્દ્ર પ્રસાદ અને ડો.આંબેડકર ખુદ મજબૂત કેન્દ્રના પક્ષધર હતા. જોકે કેન્દ્રને એક સીમા બાદ મજબૂતી આપવાની અવધારણાને બંધારણ સભાએ સ્વીકારી નહીં.*

*રાજ્યોને વધુ તાકાતવર બનાવવા વિરુદ્ધ બંધારણ સભામાં પૂર્વ પંજાબના સભ્ય સરદાર હુકુમસિંહ અને પટિયાલા-પૂર્વ પંજાબના સદસ્ય કાકા ભગવંત રોય પણ હતા. મજબૂત કેન્દ્રની વકીલાત કરતાં બંધારણ સભામાં સરદાર હુકુમ સિંહે કહ્યું હતું, 'દરેક દિવસ વીતવાની સાથે ભારત સતત એકાત્મક પ્રણાલી તરફ વધુને વધુ પ્રગતિ કરી રહ્યું છે. આવું ફક્ત યુદ્ધ સમયે જ નથી થયું, બલ્કે સામાન્ય દિવસોમાં પણ થયું છે. તેથી કેન્દ્રને વધુ તાકાતવર બનાવવું જોઈએ.'*

*કાકા ભગવંત રાયે તો રાજ્યોને વધુ પડતા અધિકાર આપવાનો ખુલીને વિરોધ પણ કર્યો. બંધારણ સભામાં તેમણે કહ્યું હતું, 'ભારત બહુ મોટો દેશ છે. તેના કેટલાય પ્રાંત છે. આ પ્રાંતોની પોતાની મુશ્કેલીઓ છે અને કેન્દ્રની તુલનામાં તેમની સમસ્યાઓને બહેતર રીતે સમજી શકે છે. પરંતુ તેનો એ પણ મતલબ નહીં કે રાજ્યોને વધુ અધિકાર સંપન્ન બનાવી દેવા.'*

# હસ્તી મિટાને સે મીટતી નહીં ,તુમ્હારી હસ્તી મીટ જાયેંગી !!

ગાંધીજી ચુંબક સમાન છે. ગાંધીજીની ચુંબકીય બળથી પ્રસંશકો, વિરોધીઓ, તટસ્થ વગેરે અદમ્ય આકર્ષણથી તેમના તરફ ખેંચાઇ આવે છે. જેમ ખીલી, બ્લેડ લોહચુંબકને ચોંટી જાય છે. તમને તમારા પરદાદા કે પરદાદાના દાદાનું નામ યાદ નહીં હોય! આ વાત હું દાવા( લેખકના દાવા ફાઉન્ટેન પેનથી લખાયેલ શબ્દો જેવા સાશ્વત હોય છે. જેના પર પાણીનું ટપકું પડે અને શબ્દો અસ્તિત્વ લોપ કરીને કાગળ પર ફેલાઇ જાય છે!!) સાથે કહેવા તૈયાર છું અલબત, ચુંબક પિતળ કે પ્લાસ્ટિકને આકર્ષી શકતું નથી એ વાત અલગ છે.

કેટલાક સ્વઘોષિત મહાત્માઓને ગાંધીજી આંખમાં પડેલા કણાની જેમ ખુંચે છે. ખુદ શેકેલો કે શેક્યા વગરનો પાપડ ભાંગવા માટે સમર્થ નથી અને ગાંધીજીએ શસ્ત્રો વિના કેવળ સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોથી અંગ્રેજો પાસેથી આઝાદી કેવી રીતે મેળવી એ હજુ પણ શીરાના કોળિયાની જેમ ગળે ઊતરતું નથી. બલ્કે,માછલીના કાંટાની જેમ ગળામાં ફસાયું છે. સાપે છંછૂદર ગળ્યા જેવું સેમ ટુ સેમ છે. છંછૂદર ગળે ઉતારે તો સાપ મરી જાય અને છંછૂદર બહાર કાઢે તો સાપ આંધળો થઇ જાય. ગાંધીજી જેવો ચમત્કાર હજારો વરસો પછી પણ કોઇ કરી શકે તેવી ક્ષિતિજે સંભાવના દ્રષ્ટિગોચર થતી નથી.ગાંધીજીની ઈર્ષા કરનાર પાસે પ્રજાને સંમોહિત કરી શકે તેવું કરિશ્મેટિક નામ નથી. જે નામને સહારે તરવા માંગે છે એ બેશક બુલબુલની પાંખ પર સવાર થઇ વિશ્વ ભ્રમણ કરી શકે છે.એનાથી સવિશેષ કોઇ ઉપલબ્ધિ કે સિધ્ધિ નથી!! ઓમ ધબાય નમઃ!!

ગાંધીજી ખેલદિલીથી ભરપૂર હતા. જે અંગ્રેજ સામ્રાજ્ય સામે લડતા હતા તે અંગ્રેજોની ક્રિકેટ ટીમના સતરમા ખેલાડી તરીકે ખુદનું નામ લખી સહી કરી હતી. નાનપણમાં બીડી પીવા, માંસ ખાવા, ચોરી જેવા સ્ખલનો એક પણ શબ્દની બાદબાકી કર્યા સિવાય લખ્યા હતા. જ્યારે આપણે ??? વાત કરવા જેવી નથી!

મહાત્માએ પણ અંગ્રેજી રીતરસમો અપનાવી હતી. કસ્તૂરબા અને સંતાનો પર ઈંગ્લિશ એટીકેટ થોપી હતી.એટિકેટનું રિહર્સલ કરાવેલ હતું. દક્ષિણ આફ્રિકાથી સ્વદેશાગમન કરી એક વરસ ભારતનું પરિભ્રમણ કરતા હતા તે દરમિયાન તેમને મળવા ઈચ્છુક સ્ત્રી પાસે એક જ સાડી હતી. એ સાડી ધોઇ હોવાથી તે કમભાગી સ્ત્રી ઓરડો પહેરીને બેઠેલી હોઇ બાપુને મળી શકી નહીં. તે સ્ત્રીની કારમી ગરીબી બાપુના અંતરમનને ભેદી ગઇ. એ ઘડીએ બાપુએ પોતડીને વસ્ત્ર તરીકે અખત્યાર કરેલી. બાપુ ચૂંટણી માટેના રોડ શોમાં ભભકા અને વિલાસિતા વચ્ચે નીકળેલા નહીં . ગરીબ રાષ્ટ્રના પર્તિનિધિને વરણાગી વસ્ત્રોનો વિલાસ પોષાય નહીં એ સત્ય મહાત્માને સમજાયેલું . જે સત્ય કેટલાક ગીધ અને ઘુવડને આજે પણ સમજાતું નથી કે ડાયજેસ્ટ થતું ન હોય તેમ એક નૂર ટાપટીપ લાખ નૂર કપડાંને આત્મસાત કરી તરેહ તરેહના વસ્ત્રો ધારણ કરી મુઠી વેંત ઉંચા હોવાની વંચનામાં રાચે છે!! એમની મુલાકાત સમયે ગરીબોની વસ્તી પર કપડાંના આવરણો લગાવવામાં આવે છે. ગરીબ કલ્યાણની વાતોના વડા અને ગરીબોનો હાડેહાડ તિરસ્કાર એ આજના રાજકારણની તાસીર અને તસ્વીર છે!!નવા લોકો સવાયા અંગ્રેજો પુરવાર થયા છે!!

ગાંધીજીના નામે રસ્તા, મહોલ્લા,નગર,એરપોર્ટ, સંસ્થાનો સહન થતા નથી. ગાંધીજી હાડમાંસ ચામના માણસ હતા . એમણે ભૂલે કરી હશે. એ ભૂલો બદઈરાદાથી કયાં કરી છે!! વિચારધારાનો વિરોધ વિચાર થકી હોય!!પરંતુ, મુખ મેં રામ ઔર બંગલ મેં છૂરી મુજબ ચરણ સ્પર્શ કરવાનો અભિનય કરી ગાંધીજીની સ્થૂળદેહે હાજરી મિટાવી શકાય પણ સૂક્ષ્મ હાજરી મિટાને સે ભી મિટ શકતી નહીં. ડોન ફિલ્મના અમર ડાયલોગ જેવું મુમકીન નહીં નામુમકીન હૈ. ગાંધીજી અજાતશત્રુ હતા. એમને સતાલાલસા સ્પર્શેલી નહી. ગંગા જેવા પવિત્ર આદમીની હત્યાને ગાધીવધમાં ખપાવવાનું ખેપાનીઓએ બીડું ઝડપ્યું છે અને તેમાં સફળ પણ થયા છે!!

જીવનમાં અકિંચન રહેલા બાપુ આપણી ચલણી નોટો પર કંઇ રીતે ગોઠવાયા હશે? બાપુ જીવતા હોત તો આ બાબત એમણે નકારી હોત. લોકોને ગાંધીવાદને બદલે ગાંધી છાપ પ્રિય છે, એટલે ગાંધીને ગજવે રાખે છે. કેટલાક પરોપકારી ચલણી નોટો પરથી ગાંધીની તસ્વીરને હટાવવા મેદાનેપડયી છે!! ભગવાન એને નિષ્ફળ બનાવે!!

ગાંધી આશ્રમ લાખો નહીં બલ્કે કરોડો લોકોની આસ્થાનું પ્રતિક છે. જયાં બાપુની દિવ્ય હાજરીના સ્પંદનો હવામાં છે. રિનોવેશવના નામે મનઘડંત બગાડા કરવા એ વધુ એક વાર મહાત્માની હત્યા છે. ગાંધીજીની યાદ મિટાવવાના કારસા ચાલું છે જ. ઈક્રમ ટેકસ સર્કલમાં ગાંધીજીની ગાંધીનગરને પીઠ દેખાડી પોરબંદર જવાનો નિર્ધાર કરતી પ્રતિમા અમદાવાદની આન બાન અને શાન હતી. ફલાયઓવર બનાવવા દરમિયાન બાપુની પ્રતિમા ગાયબ રહી. પછી ઓવર બ્રિજની નીચે મુકાઇ. પણ પહેલાંની જહોજલાલી કયાં છે??માન્યું કે ભાંગ્યું ભાંગ્યું તો ભરૂચ!!

હમણા ઈક્રમટેકસ બ્રિજની નીચે ગાંધીજીના કોતરેલા ચિત્રો પર સિમેન્ટ લગાવી નવો ચિત્રો દોરી ગાંધીજીની હસ્તિ મિટાવવા પ્રયાસ તરીને નવો ઈતિહાસ રચવાની વ્યર્થ કોશિશ કરી.ગાંધીવાદીઓ નારાજ થયા.ભાઇ આ તો નવું ભારત છે!!

આવા તત્વો પાણીના પરપોટા જેવા છે. પણ ગાંધીજી સૂર્ય ચંદ્ર જેવી હસ્તી છે. જે લોકો ગાંધીજીની હસ્તી મટાડવાનો પ્રયાસ કરે તેમને હસ્તિ મટી જાય છે!!

ભરત વૈષ્ણવ
૨૯.૦૧.૨૦૨૩

## માઈક્રોસ્કોપ-૩૯

# છિદ્રયુક્ત વ્યવસ્થા આપણને કોઠે પડી છે

મેરા ભારત મહાન.. બોલવું ગમે છે, સાંભળવું ય ગમે છે, કોઈ બીજું બોલે તો ફુલાવુંયે ગમે છે.. પણ જયારે પંચાયત સેવા પસંદગીનું જુનીયર ક્લાર્કનું પેપર ફૂટ્યું ત્યારે વિચારવું કોઈનેય ગમતું નથી.. '..ઓહ..', 'અરે..ફરીવાર..' એવા ઉદગારો નીકળ્યા હોઈ શકે, પણ બપોર સુધીમાં તો એ પણ ભૂલાઈ જવાય. તેનું કારણ છે કે આપણે શાળાના પેપરો અને સ્પર્ધાત્મક પરીક્ષાના પેપરોના લીકેજથી હેવાયા થઇ ગયા છીએ. તેમાંય આપણે તો ગુજરાતમાં રહીએ છીએ ! ગુજરાત માટે આ ક્યાં નવું છે ? બીજા રાજ્યો એમ કહે કે પેપેર લીકેજ મામલે ગુજરાત મોડલ સ્ટેટ બની ગયું છે તો એ સાંભળી લેવા સિવાય આપણા પાસે બીજો કોઈ વિકલ્પ છે ?

જયારે હેન્ડ કમ્પોઝ પ્રિન્ટીંગ પ્રેસ હતાં, ત્યારે પણ શાળાકીય પરીક્ષાઓ અને બોર્ડની પરીક્ષાના પેપરો નીકળતાં, ફૂટતાં નહીં. ..અને આજે ગમે તેટલી ટેકનોલોજી આવી હોય સહજ રીતે જ પેપરો ફૂટી જાય છે ! ગુજરાતમાં આવી ઘટના પહેલીવાર નથી બની. હા, વારંવાર આવી ઘટનાઓ બને તો પણ આપણે કંઈ શીખ્યા નથી. સાડા નવ લાખથી વધુ આશાન્વિત બેરોજગારો પર કેવી વીતી હશે તેનો અહેસાસ કોને થવો જોઈએ ? પંચાયત સેવા પસંદગી બોર્ડને, પોલીસતંત્રને, સરકારને ? કોઈ જવાબ નથી, કારણ કે જવાબદારી નથી..

આપણી કાયદો વ્યવસ્થામાં કંઈક તો ખૂટે છે જે આવી ઘટનાઓ વારંવાર સર્જી શકે છે.

ગુજરાતમાં તો વળી આવું વારંવાર બની રહ્યું છે, તેથી ગુજરાતની કાયદો વ્યવસ્થાના છિદ્રો વિશે તો કોઈ શંકા રહેવી ન જોઈએ. જયારે આપણા હાથમાં કોઈ એક કિલો વજન પકડાવે, પછી બીજા પાંચ કિલોનું વજન આપે, પછી બીજા એંસી કિલો વજન આવે તો શું થાય ? સ્વાભાવિક રીતે જ આપણે વજનના ભારથી નીચે ઝુકતા જઈએ.. અહીં તો ધીમે ધીમે ૯૭ થી માંડીને ૧૨૧ અને આજે તો ૧૫૬ બેઠકોનું વજન ગુજરાતની જનતાએ આપ્યું છે ત્યારે જવાબદારીની સભાનતાથી વધુ જાગૃત રીતે ઝુકી જવાનું હોય તેને બદલે પેપર લીકેજ કાંડ રીપીટ..! લાગે છે કે જેમ જેમ વધુ બેઠકો મળી તેમ તેમ વધુ બેદરકાર થઇ જવાયું..


આપણા દેશમાં નિર્ભયા કાંડ, ગેન્ગરેપ જેવા જઘન્ય અપરાધો બનતા જ જાય છે તેમ કહીએ તેના કરતાં ફરી ફરીવાર બને છે તેમ કહીએ તો માની શકાય કે આગળના બનાવ પછી પણ કાયદાની ધાક જોઈએ એવી નથી જ.. જેના થકી કોઈ બીક જેવું રહ્યું જ નથી. પંચાયત સેવા પસંદગીનું જુનીયર ક્લાર્કનું પેપર ફૂટી ગયું તેના પહેલાં પણ આવી ઘટના બની ત્યારે ભારે ઉહાપોહ મચ્યો હતો. ગુજરાત સરકાર બદનામ થઇ ગઈ હતી. છતાં આવું બન્યું તેનો અર્થ એ જ થયો ને કે પહેલી ઘટનાથી આપણે ગંભીર ન બન્યા કે એ વાતને જોઈએ તેવી ગંભીરતાથી ન લેવાઈ.

ખૈર, આવું ફરી બન્યું છે. ગુજરાતમાં જ બન્યું છે. ૧૫૬ બેઠક એ પ્રશસ્તિનો કે લોકપ્રિયતાનો માપદંડ હોઈ શકે, એ આવડતનો માપદંડ નથી જ.. એ ફરીવાર સાબિત થઇ ગયું છે. આવું જયારે જયારે બને ત્યારે સત્તાપક્ષ પાસેથી રાજીનામાની માંગ વિપક્ષો કરતા હોય છે, એ વ્યાજબી છે, પરંતુ અહીં તો વિપક્ષ જ નથી. તેથી તાલ 'દલા તરવાડી' જેવો છે. ચાલો, દલા તરવાડી જેમ પૂછીએ કે (૧૫૬ બેઠકો મળી હોય ત્યારે) રાજીનામું દેવાય ? પછી દલા તરવાડી જેમ જ જવાબ મેળવીએ..'હોય કંઈ, આપણે તો પ્રચંડ બહુમતી મેળવી ચૂંટાયા છીએ..'.


એટલે આવા સવાલ જવાબનો ગુજરાતમાં તો કોઈ અવકાશ જ નથી, તો પછી કાયદો અને વ્યવસ્થાના છિદ્રો કેમ ઘટે અને આવી ઘટનાઓ ફરીવાર નહીં, પણ ક્યારેય ન બને તેવા પ્રયત્નો કેમ કરાતા નથી. બેરોજગારી ઓછી ન કરી શકતા હોઈએ તો એ ભારતની બેફામ વસ્તી થકી લાચારી હોય તો જયારે સાડા નવ લાખ પરીક્ષાર્થીઓ પૈકી માત્ર ૧૫૦૦ બેરોજગારોને પણ નોકરી મળી શકતી હોય ત્યારે આવી લાપરવાહી દાખવવી યોગ્ય છે ? આવું ફરીવાર નહીં થાય એવું ગુજરાત સરકાર કે તેમના દ્વારા સ્થાપિત કાયદો અને વ્યવસ્થા ગેરંટી આપી શકશે ખરા ?

તારીખ : ૨૯-૦૧-૨૦૨૩
- સુનીલ માંકડ

સુમધુર સ્મૃતિઓનું આલબમ પ્રત્યક્ષ બતાવી દીધું,
સ્નેહ સરિતાનું ઝરણું પ્રત્યક્ષ બતાવી દીધું.
ઝીણી ઝીણી જાંજરી તો દિલમાં વાગે છે,
ભવ સાગરમાં તરતું નવાડું પ્રત્યક્ષ બતાવી દીધું.
સૌંદયભિમાન વિના રૂપ જોબન નિરાળું છે,
આશા ઉમ્મીદનું મૂલ્યાંકન પ્રત્યક્ષ બતાવી દીધું.
એક્ચ્યુઅલી ગઝલના કુરૂક્ષેત્રમાં ધનુર્ધારી છું,
કાનુડાનું સારથી ક્ષેત્ર પ્રત્યક્ષ બતાવી દીધું.
મહોબતની જિજીવિષા ઢંઢોળવા આવ્યો છું,
અઝીઝનું દિગ્ગજ દિલનું ખુમારી પણું બતાવી દીધું.
ભાટી એન અપ્રદ( રાજકોટ )



સમય ભલેને હોય કાયમ નબળો
માનવથી માનવતાને જ જકડો
કોઈ વરસ ધંધા વેપારે હોય ખતરો
છતાં પણ કાઢીએ વખત કપરો
લઈ પવનને ઉડતો ચારેબાજુ કચરો,
માણસને સાથે રાખવો છે અઘરો
ન બોલે તો લોક કહેશે મોંઘેરો
બોલ્યા કરશું, તો કહેશે કે નવરો
લોકોને સમજાવો બેસાડી ડાયરો
સહેલો કયાં છે જીવનનો ફકરો ?
નીલમ ત્રિવેદીની કલમે.....
જીવનની વાસ્તવિકતા..
નીલમ ત્રિવેદી 'નીલપ્રીત'' (અમદાવાદ)



'પરીઓના દેશ'
પરીઓના દેશ ભાઈ આપણે જઈશું
આકાશી નદીમાં ચંદાની નાવ,
હાથના હલેસાથી હોડી હંકારશું,
પવનને કહીશું કે મદદમાં આવ,
વાતો કરીશું ને ગીતો ખૂબ ગાઈશું,
વાદળને કહીશું કે સંગીત સંભળાવ
રાતના અંધારામાં રસ્તો જો ભુલશું
વીજળીને કહીશું કે રસ્તો બતાવ,
તારલાની ટોળીમાં મહેફિલ જમાવશું,
સૂરજને કહીશું કે અવાય તો આવ,
પરીઓના દેશ ભાઈ આપણે બે જઈશું
આકાશી નદીમાં ચંદાની નાવ,
રેખાબેન ભટ્ટ (ગાંધીનગર)



તને પલભર જોવાનો હક્ક તો મારો હતો
નીરખવા નો હક્ક તો તારો હતો
તારી સાથે ચાલવાનો હક્ક મારો હતો
પણ સાથ નિભાવાનો હક્ક તો તારો હતો
તારી સાથે પલભર ખુશી માણવાનો હક્ક મારો હતો
પણ દરેક વાત વ્યક્ત કરવાનો હક્ક તો તારો હતો
જીવન ના રંગીન સપનાં સજાવાનો હક્ક મારો હતો
પણ એ સપના પુર્ણ કરવા નો હક્ક તો તારો હતો
ફક્ત તને જ ચાહવાનો હક્ક મારો હતો
પણ એ ચાહત ને પામવા અને નીભાવા નો હક્ક તો તારો હતો .!
પલ્લવી ચૌહાણ (સુરત )



# સંસદમાં સીધી અરજી કરી કોઇ મુદ્દાની ચર્ચા કરાવવાનો લોકોને હક આપો

નવીદિલ્હી,તા.૨૯

દેશના નાગરિકો સીધા સંસદમાં અરજી કરી અને તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા પર ગૃહમાં ચર્ચા કરાવી શકે તેવી માગણી કરતી સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી છે. નાગરિકોને આવા અધિકારો આપવા માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ઉભું કરવા આવે તે માટે કેન્દ્ર અને અન્યનો આદેશ આપવામાં આવે તેવી અરજદારે માગણી કરી છે.

આ અરજી જસ્ટિસ કે એમ જોસેફ અને બી વી નાગરથનાની બનેલી બેંચ સમક્ષ સુનાવણી માટે આવી હતી. આ કરણ ગર્ગ નામના વ્યક્તિએ વકીલ રોહન જે આલ્વા દ્વારા આ અરજી કરાઈ છે. સુપ્રીમ કોર્ટે આ અરજીની એક નકલ કેન્દ્રના વકીલને આપવાની તાકીદ કરી હતી અને આ મામલે ફેબ્રુઆરીમાં સુનાવણી કરવાનું નક્કી કર્યું હતું.

અરજદારે જણાવ્યું છે કે સંસદમાં સીધી અરજી કરીને કોઈ મુદ્દાની ચર્ચા કરાવવાનો નાગરિકોને બંધારણના કલમ ૧૪, ૧૯(૧) અને ૨૧ હેઠળ મૂળભૂત અધિકાર મળેલો છે. નાગરિકો અયોગ્ય અવરોધ અને મુશ્કેલી વગર સંસદમાં પોતાનો અવાજ રજૂ કરી શકે તે દિશામાં પગલાં લેવાની કેન્દ્ર અને અન્યોની જવાબદારી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે દેશના એક સામાન્ય નાગરિક તરીકે લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેવાની વાત આવે ત્યારે અરજદાર લાચારી અનુભવે છે. લોકો એક વખત મતદાન કરે અને પ્રતિનિધિઓને ચૂંટી કાઢે તે પછી લોકો માટે લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવાનો કોઈ અવકાશ રહેતો નથી. સામાન્ય નાગરિકો ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે જોડાઈ શકે તેવી કોઇપણ ઔપચારિક પદ્ધતિની સંપૂર્ણ ગેરહાજરી છે.

સુનામી
લો એક આવી ગઈ સુનામી,
અમે બાંધી ખુદની નનામી.
રૂપ બજારમાં નજર નાંખી,
અમારી મોટી થઈ બદનામી.
સખીને પ્રસિદ્ધિની ખેવના,
અમને પસંદ છે ગુમનામી.
રોજ અરજ ગુજારી પ્રભુને,
દફતરે કરી સમજી અનામી
લો અમે બાંધી ખુદની નનામી,
કદાચ એટલે આવી સુનામી.
ભરત વૈષ્ણવ
૩૦.૧.૨૦૨૧.
# કાવ્ય

### નફરતભર્યા ભાષણો પર માયાવતીની પ્રતિક્રિયા, મુગલ ગાર્ડનનું નામ બદલવા સરકાર પર સવાલો

લખનૌ,તા.૨૯

નફરતભર્યા ભાષણો અને બહિષ્કાર પર પ્રતિક્રિયા આપતા બસપા વડા માયાવતીએ ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. આ સાથે રાષ્ટ્રપતિ ભવનના પ્રખ્યાત મુગલ ગાર્ડનનું નામ બદલવાને લઈને સરકાર પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. વાસ્તવમાં, રામ ચરિત માનસ પરના વિવાદાસ્પદ નિવેદનોને લઈને ઘણા દિવસોથી રાજકીય આંદોલન વધી રહ્યું છે. તે જ સમયે, પઠાણ ફિલ્મનો બહિષ્કાર એપિસોડ ચાલી રહ્યો છે.માયાવતીએ લખ્યું કે મુઠ્ઠીભર લોકો સિવાય દેશના તમામ લોકો ઉંચી મોંઘવારી, ગરીબી અને બેરોજગારી વગેરેના તણાવપૂર્ણ જીવનથી પરેશાન છે, પરંતુ તેના ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ધર્માંતરણ દ્વારા લોકોનું ધ્યાન હટાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. નામ બદલવા, બહિષ્કાર અને દ્વેષપૂર્ણ ભાષણો. ખૂબ જ અયોગ્ય અને ખૂબ જ દુઃખદ પ્રયાસ.

માયાવતીએ કહ્યું કે તાજેતરના વિકાસમાં રાષ્ટ્રપતિ ભવનના પ્રખ્યાત મુગલ ગાર્ડનનું નામ બદલવાથી દેશની અને અહીંના કરોડો લોકોની રોજબરોજની સળગતી સમસ્યાઓનું સમાધાન થશે.

# ભારત જોડો યાત્રા પૂર્ણ થવા પર ૧૨ પાર્ટીઓ થશે સામેલ, મમતા- અખિલેશ નહિ રહે હાજર

નવીદિલ્હી,તા.૨૯

રાહુલ ગાંધીની લગભગ ૧૫૦ દિવસની પદ યાત્રા ૩૦ જાન્યુઆરીને સોમવારે સમાપ્ત થઈ રહી છે. ભારત જોડો યાત્રાના સમાપન નિમિત્તે કાશ્મીરમાં એક મોટો મંચ તૈયાર કરવામાં આવી રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે સમાપન સમારોહમાં ઓછામાં ઓછા ૧૨ વિરોધ પક્ષો હાજર રહેશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૧ પાર્ટીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ કેટલાકે સુરક્ષાના કારણોસર હાજરી આપવાનો ઇનકાર કર્યો હતો. તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ટીડીપીને આમંત્રણ આપવામાં આવ્યું હતું પણ તેમની પાર્ટીના નેતાઓ સમારોહમાં ભાગ લેશે નહીં.

સૂત્રોથી જાણવા મળ્યું હતું કે, સ્દ્ધ સ્ટાલિનની આગેવાની હેઠળના દ્રવિડ મુનેત્ર કઝગમ, શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી , તેજસ્વી યાદવની આગેવાનીવાળી રાષ્ટ્રીય જનતા દળ,નીતીશ કુમારની જનતા દળ (યુનાઇટેડ), ઉદ્ધવ ઠાકરેની શિવસેના, સીપીઆઈ(એમ), સીપીઆઈ વિદુથલાઈ ચિરુથાઈગલ કાચી , કેરળ કોંગ્રેસ, ફારૂક અબ્દુલ્લાની આગેવાની હેઠળની જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સ, મહેબૂબા મુફતીની જમ્મુ અને કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને શિબુ સોરેનની ઝારખંડ મુક્તિ મોરચા શ્રીનગરના સમારોહમાં ભાગ લેશે.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ ભાઈ રાહુલ ગાંધી સાથે યાત્રામાં જોડાયા હતા. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડા મહેબૂબા મુફતીએ પણ અવંતીપોરાની યાત્રામાં ભાગ લીધો હતો. આ દરમિયાન કોંગ્રેસ તરફથી પુરતી સુરક્ષા ન હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. જોકે, સ્થાનિક પોલીસે યાત્રા દરમિયાન સુરક્ષામાં કોઈ ખામી હોવાનો ઈક્રાર કર્યો હતો. આરોપોને નકારી કાઢતા, વિસ્તારના અધિક પોલીસ મહાનિર્દેશક વિજય કુમારે શનિવારે કહ્યું કે ઓપરેશન દરમિયાન સુરક્ષામાં કોઈ ખામી રહી નથી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ૨૭ જાન્યુઆરીની સુરક્ષા ચુકની ઘટના અંગે પત્ર લખ્યો અને જમ્મુ અને કાશ્મીરમાં ભારત જોડો યાત્રા માટે પૂરતી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમના અંગત રીતે તેના પર ધ્યાન આપવા માંગ કરી હતી. તેમણે કહ્યું કે, અમે આગામી બે દિવસમાં શ્રીનગરમાં ૩૦ જાન્યુઆરીએ યોજાનારી યાત્રા અને ઉજવણીમાં હાજરી આપવા માટે એક વિશાળ મેળાવડાની અપેક્ષા રાખીએ છીએ. આ દિવસે યોજાનાર સમાપન સમારોહમાં કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ અને અન્ય મહત્વપૂર્ણ રાજકીય પક્ષોના નેતાઓ ભાગ લઈ રહ્યા છે.

અમિત શાહને લખેલા પત્રમાં કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, જો તમે આ મામલે અંગત રીતે સંબંધિત અધિકારીઓને ૩૦ જાન્યુઆરીએ શ્રીનગરમાં યોજાનારી યાત્રા અને ઉજવણીના સમાપન સુધી પૂરતી સુરક્ષા પૂરી પાડવાની સલાહ આપી શકો, તો હું તમારો આભારી રહીશ.

રાહુલ ગાંધીએ ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી કાશ્મીરની યાત્રા શરૂ કરી હતી. રાહુલે આ સમયગાળા દરમિયાન ૩,૯૭૦ કિલોમીટરની પદયાત્રા કરી હતી અને ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી યાત્રા ૩૦ જાન્યુઆરી ૨૦૨૩એ કાશ્મીરમાં સમાપ્ત થવાની છે.

# હવે કેજરીવાલ સરકારનો જાદુ ફીકો પડી ચુકયો છે : અનુરાગ ઠાકુર

નવીદિલ્હી,તા.૨૯

કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરે દિલ્હીની અરવિંદ કેજરીવાલ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે ભ્રષ્ટ્ર સરકારના જુઠ્ઠાણુ ફેલાવવાના કામનો પર્દાફાશ કરીશું. અનુરાગ ઠાકુરે કહ્યું કે ૨૦૨૪માં અમે અહીં લોકસભા જીતીશું એટલું જ નહીં વિધાનસભામાં પણ ભાજપ દિલ્હીમાં આવશે.અમે વિધાનસભા જીતવા માટે પણ પુરી રણનીતિ બનાવી છે કે કેવી રીતે કાર્યકર્તા જમીન પર કામ કરશે અને વધુને વધુ લોકોને જોડવામાં આવે તેમણે કહ્યું કે દિલ્હી પ્રદેશ ભાજપે પ્રતિજ્ઞા લીધી છે કે જયાં એક બાજુ સંગઠનનો વિસ્તાર કરીશું ત્યાં બીજી તરફ ભાજપ સરકારની ઉપલબ્ધી જન જન સુધી પહોંચાડીશું .કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે હું એમસીડી ચુંટણી દરમિયાન ખુદ પ્રચાર કરવા આવ્યો હતો અને મેં જોયું છે કે કેજરીવાલ સરકારનો જાદુ નાગરિકોની વચ્ચે ફીકો પડી ગયો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No: 119
વિષય : કાગળ અને કલમ
પ્રકાર : ગદ્ય
શીર્ષક : કાગળ અને કલમ
શબ્દો : ૧૧૩.

કાગળ અને કલમ એ એક સિક્કાની બે બાજુ ગણાય છે. કાગળ ને પેન એટલે કે કલમ વગર ચાલતું નથી અને કલમને કાગળ વિના બિલકુલ ચાલતું નથી. અત્યારે મોબાઈલ ના હાઈ-ફાઈ યુગમાં કાગળ અને કલમ નો ઉપયોગ ઘટયો હોય એવું મારા મનમાં લાગી રહ્યું છે. જો આપણે આપણા ઈતિહાસનાં વારસાને જાળવી રાખવા માટે લેખનકાર્ય અતિ મહત્વનું છે. જો લેખન નો પુરાવો મોજુદ નહીં હોય તો આપણે આપણી વાતને વિસ્તારથી સમજાવી શકીશું નહીં. કંઈ પણ લખવા માટે કાગળ અને કલમ નો સહારો લેવો જ પડે એનાં વગર આપણું સાહિત્ય નિર્માણ કે કોઈ તવારિખ માં અધૂરપ જોવા મળશે.

કાગળ શબ્દને જો એમાંથી ★ળ★ નો લોપ કરીએ તો કાગ એટલે આપણા કાગબાપુ... જેમણે ચારણી સાહિત્યના અનેક રીતે વર્ણનો કરેલા છે જે એમનાં નામ સાથે જોડાઈને ઘણું સર્જન કરીને આપણાં સૌ સુધી પહોંચાડ્યું છે અને એમના લેખનના ભવ્ય વારસાથી આપણે તેને સહેલાઈથી સમજી શક્યા છીએ. કલમ શબ્દને ઉલટાવીએ તો ★મલક★ થાય. આ મલકનાં મીઠુડા માનવીઓને કાગબાપુએ ★આવકારો★ કાવ્યમાં વર્ણવેલી વાત કાગળ અને કલમ સાથે જોડાયેલી છે.

કાગળનો સદઉપયોગ કરવાથી પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન થાય છે. કાગળનાં ડૂચા વાળીને ફેંકીએ તો કચરામાં ગણત્રી થાય છે, પણ જો એ જ કાગળ અને કલમ થી સારું લખાણ, ચિત્રકામ કે અન્ય સર્જન કરવાથી તેનું સ્થાન મોભાનું બની જતું હોય છે.

હંમેશા કાગળ અને કલમ નાં સહારે સૌનાં જીવનમાં પરિવર્તન આવ્યું છે કેમકે ભણતર નું જ્ઞાન કાગળ અને કલમ થી વધ્યું છે. કાગળ અને કલમ નો ઉપયોગ સૌ સારી રીતે કરીએ એવી આશા સાથે સૌનું સહિયારું સર્જન હથિયાર કાગળ અને કલમ નો ઉપયોગ કરતા રહીએ એવી શુભેચ્છા...!

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS N0 .0102*
પ્રકાર : 'ગદ્ય લેખ'
વિષય : -★કાગળ અને કલમ★
શિર્ષક ::-કાગળ અને કલમ
★રચના★:-

કાગળ અને કલમનો એકબીજાનો અતૂટ સબંધ છે.માનવીનો જન્મ થાય ત્યારે વિધાતા કાગળ ઉપર માનવીના કલમથી છઠ્ઠી ના લેખ લખી જાય છે અને આ રીતે તેનું ભવિષ્ય ઘડાય છે .

ભારતમાં સૌપ્રથમ લોકો ભોજપત્રઅને તાડપત્ર ની ઉપર લેખ લખતા ઋષિમુનિઓએ શાસ્ત્રો આ રીતે લખેલા છે.

ત્યાર પછી ઈજિપ્તમાં પેપી રસ માંથી એક કાગળ બનાવવામાં આવતો જેના ઉપર લેખ લખવામાં આવતા હતા.ત્યાર પછી તો ચીનમાં કાગળ ની શોધ થઈ અને દુનિયાના જુદા જુદા દેશોએ કાગળ નું ઉત્પાદન વધારવા લાગ્યા સાથે સાથે બીબા ઢાળીને અક્ષર લેખન પણ થવા માંડ્યું અને આ રીતે નાના પાયા ઉપર કાગળ ઉપર પ્રિન્ટિંગ કામ થવા માંડ્યું.

આજના જમાનામાં આ પ્રિન્ટિંગ કામનો ખૂબ જ વિકાસ થયો છે ડિજિટલ પ્રિન્ટિંગ થઈ ગયું છે. ઓટોમેટીક કાગળની ઉપર પ્રિન્ટ થઈ જાય અને પુસ્તકોની લાખો નકલો બહાર પડવા લાગી છે.

આજે જગતમાં અનેક ભાષામાં અનેક પુસ્તકો પ્રિન્ટ થવા લાગ્યા છે, એટલું જ નહીં પણ પ્રિન્ટિંગ ટેકનોલોજી નો એટલો બધો ડિજિટલ વિકાસ થયો છે કે જેની આપણે કલ્પના પણ ન કરી શકિયે .જુદા જુદા અનેક પ્રકારના અખબારો મેગેઝીનનો વાર્તા ના માસિકો અને બીજું ઘણું બધું પ્રિન્ટ થયા રાખે છે, એટલું જ નહીં પણ આધુનિક કલર ટેકનોલોજી નો પણ એટલો બધો વિકાસ થયો છે કે સુંદરમાં સુંદર ચિત્રો આપણે કાગળ ઉપર જોઈ શકીએ છીએ.

કાગળ અને કલમ બંનેનો વિકાસ થતા માનવજીવન ખૂબ જ સુંદર બન્યું છે લોકોને વિવિધ પ્રકારના પુસ્તકો અને વાંચન સામગ્રી આજે પ્રાપ્ત થઈ છે એટલું જ નહીં પણ આજના જમાનામાં તો ડિજિટલ પ્રિન્ટિંગ એટલું બધું આગળ વધી ચૂક્યું છે કે તમે તમારા મોબાઇલની અંદર બોલતા જાઓ અને પ્રિન્ટ થતું જાય અને તાત્કાલિક જ દુનિયાના બીજા દેશમાં સંદેશ ની આપલે થઈ શકે છે.

આમ કાગળ અને કલમનો વિકાસ થતા માનવજીવન વધારે સુંદર બન્યું છે એટલું જ નહીં પણ લોકોનો જ્ઞાનનું ક્ષેત્રફળ ખૂબ જ વ્યાપ્ત બન્યું છે અને તેનો લાભ આજે તમામ લોકો લઈ રહ્યા છે.

ધર્મગ્રંથો વિજ્ઞાન અને ટેકનોલોજી ને લગતા ગ્રંથો અને તેનો સચિત્રણ વગેરે પુસ્તકોમાં જોવા મળે છે અને જેને કારણે સામાન્ય માણસ આ પુસ્તક નો આશરો લઈ અને પોતે આગળ વધી શકે છે.

કાગળ અને કલમનો આ સંબંધ હંમેશા જળવાઈ રહેશે.

નામ:- રતીલાલ વાયડા
નવી મુંબઈ.૨૮/૦૧/૨૦૨૩. શનિવાર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.137
વિષય - કાગળ અને કલમ
પ્રકાર - લેખ
શીર્ષક - અમૂલ્ય
શબ્દો - ૨૨૩

આર્થિક દષ્ટિએ કાગળ અને કલમનું મૂલ્ય ખૂબ જ ઓછું છે પણ માનવજીવનમાં તેનું મહત્વ અમૂલ્ય છે. બાળકના જન્મ પછી છઠ્ઠીના લેખ લખવાથી માંડીને મૃત્યુ બાદ અવસાનનોંધ સુધીની સફરમાં તે ડગલે ને પગલે સાથે જ રહે છે.

બાળક સમજણું થાય પછી તેને વિદ્યાપ્રારંભે સૌથી પહેલી જરૂર કાગળ અને કલમની રહે છે. યુવાનીમાં પોતાનાં સ્વપના સાકાર કરવા અને ઘડપણમાં પોતાની વસિહત બનાવવા કાગળ કલમ મહત્વનાં થઈ પડે છે. કાગળ અને કલમ વગર માનવજીવન અશક્ય છે. વિચારો કે આ કાગળ કલમ ના હોય તો આપણાં જીવનમાં કશું શક્ય છે ખરું?

લેખકો અને કવિઓ માટે તો આ જીવાદોરી છે. જેમ સૂર વગર સંગીત, શ્રદ્ધા વગર ભક્તિ, પ્રેમ વગર પરિવાર અને મસ્તી વગર જીવન અધૂરું છે તેમ કાગળ અને કલમ વગર જીવવું અઘરું છે. મનોમસ્તિષ્ક પર છપાયેલું સમયાંતરે ભૂંસાઈ જાય છે પણ કાગળ પર કલમ દ્વારા અંકિત થયેલું અમર થઈ જાય છે.

કાગળ અને કલમનાં કારણે જ આપણે ધર્મને જાણી શક્યા છીએ.વર્ષો પૂર્વે લખાયેલાં ધાર્મિક પુસ્તકો દ્વારા આપણે આપણા ધર્મ અને ભગવાનને જાણી શક્યા છીએ. ઈતિહાસ પણ કાગળ અને કલમની જ ઉપજ છે જેમાં દ્વારા આપણે ભૂતકાળને નજીકથી પિછાણી શકીએ છીએ. આયુર્વેદ પણ કાગળ અને કલમ થકી જ જીવીત રહી શક્યું છે.

હા ,પણ આપણે આ કાગળ અને કલમના જન્મદાતા વૃક્ષનો પૂરેપૂરો આભાર માનવો જ રહ્યો.તેનાં આદરરૂપે વધુને વધુ વૃક્ષારોપણ કરીએ તો જ આ મહામૂલા કાગળનું અસ્તિત્વ જળવાશે.

હેતલ પટેલ ( નિજાનંદી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG:SS:NO 136
વિષય કલમ અને કાગળ
પ્રકાર પદ્ય મૌલીક રચના.
શબ્દો ૬૦

અવસર આવ્યો મારા આંગણે રે,
પ્રભુ, આવી અવસર દીપાવજો રે.
કલમ લીધી છે મેં હાથમાં રે,
પ્રભુ,લખ્યો છે કાગળ મારાં નાથને રે.
લખ્યું છે કલમથી મેં આમંત્રણ રે,
પ્રભુ,સમજો આને આમંત્રણ પત્રિકા રે.
સાથે લાવજો દેવદેવીઓને રે,
પ્રભુ, કરું છું હું વિનંતી આપને રે.
કાળજાનો છે કાગળને કસમની છે કલમ રે,
પ્રભુ,દીધું છે મેં શ્રદ્ધાથી આમંત્રણ રે.
હિમાંશી પંડિત નિર્મોહી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No. 0081*
★વિષય: કાગળ અને કલમ★
★પ્રકાર : ગદ્ય★
★શબ્દો : ૯૮★
★શીર્ષક : કાગળ અને કલમની દોસ્તી★

હોય વસંત,હોય હેમંત, હોય ભલે થરથરતી શિશિર,
હોય ભલે પુષ્પો લહેરાતાં,હોય કશેક ભ્રમર ગુંજન.
ક્યાંક હોય કન્યા કોડીલી,ખોજતી મનનો માણીગર,
હોય ભલે પ્રેમનો એકરાર,કે હોય બળબળતો પ્રણયભંગ .
હોય વળી વાત વિરહની , કાળજે વાગેલાં બાણની,
હોય ભલે શમણું એ નયને, કે હોય ગઝલ માશૂકાની.
એક કાગળ,એક કલમ,એ વિના આ બધું ઠાલું,
મનની મનમાં રહી જાય ,નવ જાણે કોઈ વિપદા કે હરખાવું.
કાગળ કલમની આ દોસ્તી ,માનવ માટે ઉમદા શીખ છે,
ફાટવું,તૂટવું પણ ના છૂટવું, રહેવું જેમ જળ ને મીન રે.
કાગળ કલમ સંગ રહ્યાં યુગોથી, રચી નવલ નજરાણાં,
ભૂંસીને ભૂલીને, દિલ મોટું રાખીને, વિધિના પણ એ પ્યારાં!
#© માયા દેસાઈ
મુંબઈ ભારત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS NO:004*
★વિષય:?કાગળ ને કલમ★
★;પ્રકાર: પદ્ય★મુક્ત પંચિકા★
★શબ્દો:૨૪૩★
★શીર્ષક: સમશેર★

કાર્ય કલમે
કર્યું જોમનું તે
સમશેર હતી જ,
શબ્દોની ધારે
જોડ્યા દેશને!
કાગળ કોરો
લાલ શાહીએ
બન્યો કંકોત્રી શુભ,
જોડ્યા બે હૈયા
પ્રેમે માંડવે.
ગયાં સિધાવી
સ્વર્ગે કુટુંબી,
કાળી શાહીએ રચાય
કાળોત્રી કાળે
કાગળ સંગ!
કાગળ શુભ
પત્ર અશુભ
સાથ કાગળ પેને
રચાય મેળ
જીવન સાથે.
પ્રેમ પત્રમાં
પ્રિય ચિત્રાય
વાંચે જગ હર્ષાય
દિલ સચોટ
ત્યાં મલકાય!
રાહ કાગળ
જુવે કલમ
સાથ તારો તો,
બનું રંગીન
મુશ્કાન હોઠે.
બાળ બનાવે
સ્માઈલી ને
ચિત્રકારનું ચિત્ર ,
કલમે થાય
જ્યાં રેખાંકિત!
સાથ બન્નેનો,
પૂરક બન્ને,
જાણે વિશ્વ ઈશનું,
વિધાતા રચે,
જગત કેરું!
ચાલો લઈએ
બન્નેને સાથે,
બનીએ સાક્ષર ને,
પ્રગટાવીએ
જ્ઞાનની જ્યોત.
★જયશ્રી પટેલ★★૨૯/૧/૨૩★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 117
વિષય: કાગળ અને કલમ
શિર્ષક : ઉડાન

'કાગળ અને કલમ...કાગળ અને કલમ...રોજ રોજ આ સાંભળીને હું કંટાળી ગયો છુ.તારા આ બધા લેખક બનવાના તુત બંધ કરજે. ખબર નહિ ક્યાંથી લેખક બનવાનું ભૂત તારા માટે સવાર થયું છે. એમ કોઈ રાતોરાત લેખકો નથી બની જતા. ને એક-બે વાર્તાઓ લખી એમાં પોતાની જાતને લેખક ના સમજી બેસાય.તુ તો મારી સામે એવી રીતે વર્તન કરે છે જેમ, તને ૩૦-૪૦ વર્ષ લખવાનો અનુભવ હોઈ. તારા આ મહાન લેખક બનવાના નાટક બંધ કરજે. મને નથી પોસાતું આ બધું. ઘરના કામમાં ધ્યાન આપ.'

કહેતા રમેશ તેની દસ ચોપડી ભણેલી પત્ની સુધા પર લથડિયાં મારતો ગુસ્સે થઈ રહ્યો હતો.

'ખબરદાર!જો મારા કાગળ અને કલમ વિશે કંઈ બોલ્યા છો તો. એ મને નહિ પોસાય. તમારે મને જે કહેવું હોઈ એ કહેજો પણ મારા આ કાગળ અને કલમને કંઈ નહિ કહેતા.એ મારા શ્વાસ છે. એના વગર જીવવું એ મારા જીવનની સૌથી મોટી અધુરપતા છે;ને તમે? મને એ જ વસ્તુ મુકી દેવાનું કહો છો?ના. એ શક્ય નહિ બને. આ કાગળ અને કલમ જ મારું સ્વમાન છે. બહુ જલ્દી એ સમય આવશે જ્યારે લોકો મને એનાથી જ ઓળખતાં હશે,મને જાણતા થશે અને ચાર લોકો વચ્ચે મારું નામ બોલાશે.હું તમને છોડી શકું છું પણ મારા કાગળ અને કલમને કોઈ હિસાબે નહિ; સમજ્યા?'

'શું?તુ મને છોડી દઈશ એમ?તારી ઔકાત છે મને છોડવાની? એકવાર બહાર જઈને જો ખબર પડે કે, આ પેટનો ખાડો કેમ ભરાઈ છે.હુહ...મને છોડવાની વાત કરે છે.આ લેખકો બનવાના સપનાથી પેટ નથી ભરાતું મેડમ. એ બધું તો મિથ્યા છે. સપના, અરમાન, ઉડાન, આશા આ બધા શબ્દો છે ને, એ ખાલી ચોપડીઓમાં જ સારા લાગે. ખબર નહિ તે પણ કઈ ચોપડી વાંચી લીધી છે તો લેખક બનવાનું ભૂત ચડ્યું છે. ભૂલીજા આ બધું ને ઘર સંભાળવામાં ધ્યાન આપ. ને હા, મને છોડીને જવું હોઇ તો જઈ શકે છે.' નશાની હાલતમાં રમેશએ સુધાની ડાયરી હાથમાં લઈ ફાડી નાંખી અને લથડિયાં મારતો ત્યાં જ પલંગ પર ઢળી પડ્યો.

સુધા રડતી આંખે તેની ફાટેલી ડાયરીના પન્ના સમેટતી રહી.

ત્યાં ડાયરીના સૌથી પહેલા પેજનો એક ટુકડો એના હાથમાં આવ્યો. જેમાં લખ્યું હતું, લેખક - સુધા વ્યાસ 'ફોરમ'. એ ટુકડો હાથમાં આવતા જ સુધા કંઈક વિચારતી રહી અને બીજા દિવસે સવારે પોતાના સપના પુરા કરવા તેના પતિને પત્ર લખીને ઘર છોડી ચાલી ગઈ.

- મેઘના કામદાર
(અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG:SS:NO.:0141
★વિષય★ : ★કલમ અને કાગળ★
★પ્રકાર★ : ★નિબંધ★
★શીર્ષક★ : ★કલમ અને કાગળ★
★★શબ્દો★ : ★૩૫૦★

કાગળની શોધ ચીનમાં થઈ છે. આપણા દેશમાં પુરાતન સમયમાં ભોજપત્ર પર, વૃક્ષના પર્ણ પર કે વસ્ત્ર પર કાળી શાહીથી લખાણ લખવામાં આવતું.

પ્રાચીન કાળમાં સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં લખાણ થતાં. કાળક્રમે આજની ભાષાઓ ગુજરાતી, હિન્દી, મરાઠી કે અંગ્રેજી વગેરે વગેરે પ્રાદેશિક વિસ્તાર પ્રમાણે અસ્તિત્વમાં આવી. આપણી પુરાતન લિપિ પાંડુ લિપિ છે.

આદિ માનવ સૌ પહેલાં ધુરકાર દ્વારા, પછી હુંકાર દ્વારા, પછી ઈશારા કે વર્તન દ્વારા મનની વાત વ્યક્ત કરતો હતો.

મનુષ્ય પોતાની વાતને કહેવા માટે, શબ્દોનો ઉપયોગ કરવા લાગ્યો કે જેને આપને ભાષા કહીએ અને ભાષાને વર્ણવા માટે અક્ષરોની શોધ કરી જેને આપણે લિપિ કહીએ છીએ.

એકથી વધારે અક્ષરો ભેગા થઈ શબ્દ બને. એકથી વધારે શબ્દો ભેગા થઈ વાક્ય બને. એકથી વધારે વાક્યો ભેગા થઈ કથાનક બને. ભાષા એ આ સર્વેનું વિસ્તૃત સ્વરૂપ છે. ભાષા બોલવામાં આવે તે વાણી અને લખવામાં આવે તે લિપિ.

લિપિ લખવા માટે જે સાધન ઉપયોગમાં લેવામાં આવ્યું તેને કલમ નામ આપ્યું. કલમ કહો, કિત્તો કે પીંછી કહો, એ અભિવ્યક્તિનું સાધન બન્યું.

આદિ માનવ પીંછી દ્વારા નાના મોટા આડા અવળા લીટા તાણી, જેવા તેવા ચિત્રો દોરી, અભિવ્યક્તિ કરતો થયો. ગુફામાં, પહાડો પર કે ગુપ્ત જગ્યાએ ચિત્રણ કરવા લાગ્યો. એવા પ્રાચીન કાળના ચિત્રણ કે લખાણો અત્યારે ઘણી જગ્યાએ સચવાઈ રહેલા છે.

મોટા ભાગનું જ્ઞાન કંઠસ્થ સ્વરૂપમાં હતું. માનવ મગજ કેટ કેટલું યાદ રાખી શકે ? તે મર્યાદાને લીધે ચિત્રણમાંથી કાળક્રમે લિપિની શોધ થઈ હશે.

વાણી, ભાષા, લિપિ, કાગળ, કલમ, પુસ્તક, ગ્રંથ વગેરેનું આજનું સ્વરૂપ કાળક્રમે વિકસિત થયું છે. કોઈ ક્ષેત્ર એવું નથી કે જ્યાં કાગળ કલમ વિના પ્રગતિ થઈ હોય !

ગીત, સંગીત, સાહિત્યના કોઈપણ સ્વરૂપનું લખાણ, રાજકારણ, ફિલ્મ, રમતગમત, ધંધા રોજગાર, પરિવહન, અંતરિક્ષ વિજ્ઞાન, અણુ વિજ્ઞાન વગેરેનું આજનું સ્વરૂપ અને ભવિષ્યનું ઘડતર, કાગળ કલમ વિના શક્ય નથી.

કાગળ અને કલમ ના સહયોગથી પત્ર, પુસ્તક, નોંધ, ડાયરી, ટિપ્પણી, વર્તમાનપત્ર, વાણિજ્ય વહેવાર, રહન-સહન, કાયદા-કાનૂન, નીતિ-નિયમ, બધું અસ્તિત્વમાં આવ્યું છે.

આપણામાંના ઘણા લોકો પાસે જૂના પ્રેમપત્રો, કંકોત્રીઓ, પુસ્તકો, ગ્રંથો, ચિત્રો અને પેન પેન્સિલ વગેરે સંભારણા તરીકે આદર સાથે સચવાયેલા હશે.

હવે તો લખવાની પણ જરૂર રહેશે નહિ. ડિજિટલ ઉપકરણો દ્વારા બધું વ્યક્ત કરી શકાય છે.

કાગળ કલમ એ નવું આધુનિક સ્વરૂપ જ છે. કાગળ કલમ સિવાય કોઈનું ચાલ્યું નથી કે ચાલશે પણ નહિ.

રસિકભાઈ વી પરમાર 'રવ' પાટણ (ઉ.ગુ.)★તા. ૨૮/૦૧/૨૩★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0; 109
વિષય :-કાગળને કલમ
પ્રકાર :-પદ્ય

મારા હાથમાં સળવળે
કલમ કોઈ નવું ચિત્ર લઈ
ઉઘડી પડતા
સૂરજ,ચાંદ ને તારાઓ જોઈ
આશ્ચર્ય !આશ્ચર્ય !
સ્તબ્ધ
હૃદય છેક ઊતરે
તળના ભિનાશ સુધી
તેમાથી પ્રકટ થતા
ધુવાધાર
મોજા
મારી ચોતરફ ઉછળવા લાગે
ત્યારે રાત અંધારી હોય કે અંજવાળી
હું ઊઠી જાઉં છું
પેલા ચિત્કાર કરતા પડછાયા
વચ્ચે
મારી જાતને ખંખેરી.
બાબુ સંઘાડાં (મહેક)

# વડતાલમાં ૧૯૭મી શિક્ષાપત્રી જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

## આ પ્રસંગે શિક્ષાપત્રી યજ્ઞ યોજાયો



વડતાલ:અક્ષરધામ તુલ્ય વડતાલધામમાં ૨૬મી જાન્યુઆરીને ગુરૂવારના રોજ વસંતોત્સવ સાથે ૧૯૭ મી શિક્ષાપત્રી જયંતિની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી, સાથે સાથે હરિ મંડપના પાછળના ભાગે યોજાયેલ શિક્ષાપત્રી યજ્ઞનો પૂ.લાલજી મહારાજ તથા કોઠારી ડૉ. સંત સ્વામીએ પ્રારંભ કરાવ્યો હતો. વડતાલ મંદિરના પટાંગણમાં પૂ.લાલજી મહારાજ તથા કોઠારી ડૉ. સંત સ્વામીએ ધ્વજવંદન કરી પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઋતુરાજ વસંત અર્થાત વસંત પંચમીનો મોટો મહિમા રહ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંવત ૧૮૮૨ના મહાસુદી પંચમી (વસંત પંચમી)ના દિવસે સ્વહસ્તે પોતાની વાણીરૂપ શિક્ષાપત્રી વડતાલ હરિમંડપમાં સર્વજીવ હિતાવહ સર્વજીવોના કલ્યાણ અર્થે રચના કરી હતી. શિક્ષાપત્રી સંપ્રદાયની આચાર સંહિતા છે. જેમાં શ્રીહરિએ સર્વે સત્સંગી, આચાર્યના અને આચાર્ય પત્નીના વિશેષ ધર્મ, ગૃહસ્થ, રાજા, સધવા સ્ત્રી, વિધવા સ્ત્રી, બ્રહ્મચારીના, સાધુના વિશેષ ધર્મ કહ્યા છે. શિક્ષાપત્રી એ શ્રીહરિનું વાંગ્મય સ્વરૂપ છે.

ગુરૂવારે સવારે પ્રજાસત્તાક દિને સવારે ૮ વાગે મંદિરના પટાંગણમાં પૂ.લાલજી મહારાજ તથા મંદિરના કોઠારી ડિ.સંત સ્વામીએ ધ્વજ વંદન કર્યું હતું. આ પ્રસંગે સંતો-પાર્ષદો, સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પોતાના આશ્રિતો માટે હરિમંડપમાં લખેલ શિક્ષાપત્રીની, ઠાકોરજીની વાજતે ગાજતે પાલખીયાત્રા નીકળી હતી. જે મંદિરની પ્રદક્ષિણા કરી સભામંડપમાં લાવવામાં આવી હતી. જ્યાં સંતો તથા અ.નિ.દિલીપભાઈ રામભાઈ પટેલ હસ્તે અમીતભાઈ દિલીપભાઈ પટેલ, મહેન્દ્રભાઈ કનુભાઈ પટેલ, હંસરાજ મહેન્દ્રભાઈ પટેલે પૂજન અને આરતી ઉતારવામાં આવી હતી. શાસ્ત્રી રઘુનંદનદાસજીની શિક્ષાપત્રી કથા યોજાઈ હતી. આ પ્રસંગે સભામંડપમાં ઉપસ્થિત સત્સંગીઓએ શિક્ષાપત્રી વાંચનનો લાભ લીધો હતો. જેમાં શિક્ષણવિદ્ શ્રી.બળવંતભાઈ જાની તથા બોરસદ શાળાના ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. પૂ.લાલજી મહારાજ, ડૉ.સંતસ્વામી, પૂ.નૌતમ સ્વામીજી અને ચેરમેન દેવપ્રકાશ સ્વામીએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. નીજ મંદિરમાં પૂ.લાલજી મહારાજે વસંત અને શિક્ષાપત્રીનું પૂજન કર્યું હતું.

હરિમંડપના પાછળના ભાગે નિવૃત હાઈકોર્ટ જજ અશોકભાઈ દવેના યજમાનપદે શિક્ષાપત્રી યજ્ઞ યોજાયો હતો.

આ ઉપરાંત સદગુરુ બ્રહ્માનંદ સ્વામીની ૨૫૧ મી જન્મજયંતિ તથા સદગુરુ નિષ્કુળાનંદ સ્વામીની ૨૫૭ મી જન્મજયંતિ હોય પૂ.દેવપ્રકાશ સ્વામી, પૂ.નૌતમ સ્વામી વિગેરે અગ્રણી સંતો ધ્વારા ભાવપૂજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પૂ.શ્યામવલ્લભ સ્વામીએ કર્યું હતું.

# દેશમાં પૂર્ણ સ્વરાજની સૌ પ્રથમ માંગ ૨૬ જાન્યુઆરી ૧૯૨૯ના દિવસે ઉભી થઇ હતી



આપણા દેશમાં ૨૬ જાન્યુઆરીની ઉજવણી ખૂબ ધૂમધામથી કરવામાં આવે છે. ૭૪મા પ્રજાસત્તાક દિનના મહોત્સવની રાષ્ટ્ર વ્યાપી ઉજવણીમા જનભાગીદારી પ્રેરીત કરવા સેક્ટર-૨૨, વાસ્તુનિર્માણ સોઆયટી, ગાંધીનગર ખાતે ઉત્સાહ સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. યોગ ક્લાસની મહિલાઓ, અન્ય સામાજિક કાર્યકરો અને પ્રતિષ્ઠિત અગ્રણીઓ દ્વારા સૌ પ્રથમ ધ્વજવંદનને સલામી આપી રાષ્ટગીત સાથે પ્રાણથી પણ પ્યારા તિરંગાનુ દરેક નાગરિકો દ્વારા પુષ્પ વર્ષાથી બહુમાન કરવામા આવ્યુ હતુ.

કાર્યક્રમના આયોજક શ્રી અનિલ કક્કડએ પોતાના સંબોધનમા આઝાદીના ઈતિહાસમા લખાયેલા સુવર્ણ પૃષ્ઠોને દોહરાવતા જણાવ્યુ હતુ કે ૩૧ ડિસેમ્બર ૧૯૨૯ની મધ્યરાત્રીએ લાહોરમાં ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસનું જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં અધિવેશન યોજાયું હતું.

જેમા આઝાદી ના મળે ત્યાં સુધી દર વર્ષે ૨૬મી જાન્યુઆરીને પૂર્ણ સ્વરાજ દિન એટલે કે સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું હતું. આપણુ બંધારણ ભારતનો સર્વોચ્ચ કાયદો છે.

જેની પ્રસ્તાવનામા સાર્વભૌમત્વ અને બિનસાંપ્રદાયિકતા પાયામા છે. અંતમા યોજાયેલ રેલીમા " વંદે માતરમ " " ભારત માતા કી જય " " આઝાદ ભારત અમર રહો "ના નારા સાથે સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બની જવા પામ્યુ હતુ.

# આત્મહત્યા:ઉધનામાં ધો.૯ની છાત્રાએ ફાંસો ખાધો, ઈજનેર અને પરિણીતાનો પણ આપઘાત

સુરત,તા.૨૯

શહેરમાં આપઘાતના બનેલા ૫ બનાવમાં ઉધનામાં ધોરણ ૯ની વિદ્યાર્થિનીએ, રાંદેરના ઈજનેરે, પાંડેસરાની પરિણીતાએ અને વરાછાના રત્નકલાકારે અને શ્રમિકે આપઘાત કર્યો હતો.નવાગામ ડિંડોલી ખાતે રહેતા જમીન દલાલ હરેરામ દ્વિવેદીને પત્ની સાથે અણબનાવ હોવાથી અલગ રહે છે. તેમની પત્ની ઉધના ખાતે પુત્રી અને પુત્ર સાથે રહે છે. શુક્રવારે સાંજે તેમની ૧૫ વર્ષીય પુત્રી નિમીષાએ ફાંસો ખાઈ લીધો હતો. નિમીષાને ખાનગી હોસ્પિટલ લઇ જવાઇ હતી. જ્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ ખસેડાતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

હરેરામે સિવિલ દોડી આવી હોબાળો મચાવતા પતિ-પત્નીના સંબંધીઓ આમને સામને આવી ગયા હતા . હોબાળાને પગલે પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. પિતાના આક્ષેપોને પગલે પોલીસે મૃતક નિમીષાનું ફોરેન્સીક પીએમ કરાવ્યું હતું. જેમાં પણ નિમીષાએ આપઘાત કર્યાનું રિપોર્ટમાં આવ્યું હતું. માતા-પિતાના અણબનાવના કારણે નિમીષાએ આપઘાતનું પગલું ભર્યું હોવાની પોલીસે શક્યતા વ્યક્ત કરી છે. વરાછા રણુજાધામ સોસાયટીમાં રહેતા ૩૦ વર્ષીય રત્નકલાકાર અજય સોલંકીએ શનિવારે ફાંસો ખાઇ આપઘાત કર્યો હતો. આપઘાતનું કારણ જાણી શકાયું ન હતું. અન્ય બનાવમાં વરાછાના સુરભી એપાર્ટમેન્ટમાં રહેતા ૩૬ વર્ષીય શ્રમિક પીયુષ અરવિંદ ગામિત સાડીની દુકાનમાં કામ કરતા હતાં. શનિવારે ફાંસો ખાઇ આપઘાત કર્યો હતો.પાંડેસરા ગુરુકૃપા સોસાયટીમાં રહેતી ૨૨ વર્ષીય મમતા પરિહારે શુક્રવારે રાત્રે ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. મમતા પતિ સાથેના ઘરકંકાસથી કંટાળીને આત્યંતિક પગલું ભર્યું હતું.

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

પ્રેસ બ્રિફીંગ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા પંચાયત સેવા વર્ગ-૩ની જાહેરાત ક્રમાંક ૧૨/૨૦૨૧-૨૨ જુનીયર કલાર્ક (વહીવટ / હિસાબ)ની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૯-૦૧-૨૦૨૩ (રવિવાર)ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન વિવિધ જિલ્લાઓ ખાતે યોજાનાર હતી.

તારીખ ૨૯-૦૧-૨૦૨૩ ની વહેલી સવારે પોલીસ તરફથી મળેલ માહિતી મુજબ પોલીસને મળેલ બાતમી આધારે એક શંકાસ્પદ ઈસમની ધરપકડ કરી ઘનિષ્ઠ પુછપરછ કરતાં તેની પાસેથી ઉપરોકત પરીક્ષાના પ્રશ્નપત્રની નકલ મળી આવેલ હતી. આ બાબતે તાત્કાલિક અસરથી ફોજદારી રાહે પોલીસ કાર્યવાહી અને આગળની તપાસ કરવામાં આવી રહી છે અને આ પરત્વે માત્ર બે જ કલાકમાં અસરકારક પગલા લઇ તાકીદની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અત્યાર સુધીની તપાસમાં બહાર આવેલ તથ્યો જોતા સદર કૃત્ય ગુજરાત રાજ્ય બહારની ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલ સંગઠીત ગેંગ હોવાનું જણાય છે, જે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ છે. ઉપરોકત પરીક્ષાના આયોજનને ધ્યાને લઇ પોલીસ તંત્ર ધ્વારા ઘનિષ્ઠ સર્વેલન્સ ગોઠવવામાં આવેલ હતું અને અનિષ્ટ તેમજ અસામાજીક તત્વો ઉપર નજર રાખવામા આવેલ હતી જેના પરિણામે ઉપરોકત ગુન્હો બને તે પહેલા જ આવા કૃત્યમાં સંડોવાયેલ ૧૫ જેટલા ઈસમોની અટક કરી આગળની ઘનિષ્ઠ પુછપરછ તથા તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

મહેનતુ અને સાચા ઉમેદવારોને નુકશાન ન થાય તે હેતુથી ઉમેદવારોના વિશાળ હિતમાં તાત્કાલિક નિર્ણય લઇ તા.૨૯-૦૧-૨૦૨૩ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષા "મોકુફ" કરવા મંડળ ધ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

આ મોકુફ રાખવામા આવેલી સ્પર્ધાત્મક પરીક્ષા હવે આગામી ૧૦૦ દિવસમાં યોજવામાં આવશે. રાજ્યની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખો તેમજ શાળા કોલેજોની પરીક્ષાની તારીખો ધ્યાને લઈ ને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ટુંક સમયમાં પરીક્ષાની નવી તારીખો જાહેર કરવામાં આવશે.

મંડળ દ્વારા એવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે કે, હવે પછીની પરીક્ષા માટે ઉમેદવારો પરીક્ષા કેન્દ્રો ખાતે આવવા તથા પરત જવા માટે તેમના ઓળખપત્ર (કોલ લેટર/ હોલ ટીકીટ)ના આધારે ગુજરાત એસ.ટી.બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

મંડળ ધ્વારા અત્યાર સુધી છેલ્લા ૦૫ વર્ષમા ૨૧૦૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે ૪૧ જેટલા પંચાયત સેવાના વિવિધ સંવર્ગોમાં ૩૦ લાખ થી વધારે ઉમેદવારો ધરાવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સફળતા પૂર્વક યોજેલ છે, અને આ પરીક્ષાઓમાં તમામ સુરક્ષા, તકેદારી અને કાળજી રાખીને ઉમેદવારોની તદન પારદર્શક પધ્ધતિથી પસંદગી કરવામાં આવેલ છે.

જેથી ઉપરોકત સંવર્ગ માટે પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી માત્ર લાયક ઉમેદવારોની જ પસંદગી કરવા મંડળ કટીબધ્ધ છે.

# અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે સર્જરી કૌશલ્ય માટે નવનિર્મિત સ્કીલ લેબ અને હાઇ એન્ડ માઇક્રોસ્કોપનું લોકાર્પણ

**ગાંધીનગર અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે રૂ. ૯૦૦ કરોડના ખર્ચે આરોગ્યલક્ષી સુપરસ્પેશ્યાલિસ્ટ સેવા-સુવિધાઓનું નિર્માણકાર્ય પ્રગતિમાં - આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ**

**ગુજરાતમાં મેડિકલ કૉલેજ અને તબીબોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે :- મંત્રી શ્રી ઋષિકેશ પટેલ**



આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સર્જરી કૌશલ્ય માટે નવનિર્મિત સ્કીલ લેબ અને હાઇ એન્ડ માઇક્રોસ્કોપનું લોકાર્પણ તેમજ પ્રેક્ટિકલ હેન્ડબુક ઓફ ઈયર સર્જરીનું વિમોચન કરવામાં આવ્યું હતુ.

આરોગ્ય મંત્રી શ્રીએ જણાવ્યું કે, 'પ્રેક્ટિકલ હેન્ડબૂક ઓફ ટેમ્પોરલ બોન્ડ અને મિડલ ઈયર ક્લેફ્ટ'એ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે એક સર્જીકલ માર્ગદર્શિકા છે જેનો ધ્યેય સર્જીકલ પ્રક્રિયાના અનુસરણ અને તેના મહત્વની ઊંડાણપૂર્વક સમજૂતી આપવાનો છે. જેનાથી સર્જરી સહજ અને સરળ રીતે કરી શકાશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, આજે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે હાઈ એન્ડ માઈક્રોસ્કોપ કૌશલ્ય સર્જરી માટે સ્કીલ લેબ અને પ્રેક્ટિકલ હેન્ડ બુક ઓફ ઈયર સર્જરીનું લોકાર્પણ કરતા મને ખૂબ જ ગર્વ અનુભવાય છે. આજે ભારત વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરીને વિશ્વગુરુ બનવા તરફ આગળ વધ્યું છે. ઈનોવેશન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતે બહુઆયામી વિકાસ સાધ્યો છે. અગાઉ આપણે આરોગ્ય ક્ષેત્રે અન્ય પાસેથી યંત્રો લાવીને સર્જરી કરતા હતા, જ્યારે આજે રાજ્ય સરકારના જનહિતલક્ષી અભિગમ અને માળખાકીય સુવિધાઓમાં સતત વિકાસના પરિણામે હોસ્પિટલમાં મોંધાથી મોંધા ઉપકરણો વિકસાવવામાં આવ્યાં છે. આજે ગુજરાતે આરોગ્ય સાથે અન્ય ક્ષેત્રોમાં પણ વિકાસની ગતિને વેગ પકડ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ ઉપલબ્ધ બનાવવાના જોયેલા સ્વપ્નને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર આગળ વધારી રહી છે. જેના પરિણામે આજે રાજ્યમાં ૩૬ મેડિકલ કૉલેજ ઉપલબ્ધ બનતા ૬૭૦૦ જેટલા અન્ડર ગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. ડૉક્ટર્સ દર વર્ષે ઉપલબ્ધ બનશે. રાજ્ય સરકાર દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ બનાવીને યુ.જી. ઉપરાંત પી.જી. અને સ્પેશ્યલ ડૉકટર્સની સંખ્યામાં પણ વધારો કરવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે તેમ તેમણે કહ્યું હતુ.

તેમણે વધુમા જણાવ્યું કે, રાજ્ય સરકારના દર્દીલક્ષી અભિગમ અને પ્રયાસોના પરિણામ સ્વરૂપ ગાંધીનગર અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે રૂ. ૯૦૦ કરોડના ખર્ચે આરોગ્યલક્ષી સુપરસ્પેશ્યાલિસ્ટ સેવા-સુવિધાઓના નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ છે.જેના થકી આ બંને હોસ્પિટલ ખાતે આરોગ્યલક્ષી વિવિધ સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ બનતા દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

કોરોના રસીકરણના સંદર્ભમાં મંત્રી શ્રીએ જણાવ્યું કે , કોરોના મહામારીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સફળ નેતૃત્વ હેઠળ ભારતે શ્રેષ્ઠ પ્રદર્શન કરીને વિશ્વના અન્ય દેશો સમક્ષ ભારતની ક્ષમતાનો પરચો બતાવ્યો છે. તાજેતરમાં જ દેશમાં વિકસેલી સ્વદેશી કોવિશીલ્ડ અને કો-વેક્સીન દુનિયાની શ્રેષ્ઠ રસીઓમાં સ્થાન મેળવ્યું છે જે સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે.

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારજનોને સરળતાથી શ્રેષ્ઠત્તમ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે દિશામાં સરકારે પ્રયત્નો હાથ ધરીને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂ. ૫ લાખની સહાય ને રૂ. ૧૦ લાખ કરવાનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે જેની શરૂઆત થોડાક દિવસોમાં કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતુ.

અંતે તેમણે દાતાશ્રીઓના યોગદાન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ સોલા સિવિલ મેડિકલ કોલેજ અને હોસ્પિટમાં ડૉક્ટરોના સફળ પ્રયત્નોને બિરદાવ્યા હતા અને આવી જ રીતે અન્ય ક્ષેત્રોમાં પણ વિકાસ થતો રહે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના મેડિકલ એજ્યુકેશનના એડિશનલ ડાયરેક્ટર ડૉ. રાધવેન્દ્ર દીક્ષિત, સોલા સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. દીપિકા સિંઘલ, જી.એમ.ઇ.આર.એસ. સોલા કૉલેજના ડીન ડૉ. નિતીન વોરા, ઇ.એન.ટી. વિભાગના વડા ડૉ. નીના ભાલોડિયા સહિત ડોક્ટર્સ, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના વાતાવરણમાં પલટો, શહેરના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ

અમદાવાદ,તા.૨૯

માવઠાની આગાહી વચ્ચે રાજ્યમાં ઠેર-ઠેર કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં પણ મોટા ભાગના વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદ પડી રહ્યો છે. ઈસનપુર, બાપુનગર, એલિસબ્રિજ, મેઘાણીનગર, મણિનગર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો.તો બીજી તરફ દાહોદ, અરવલ્લી, ભાવનગર, વડોદરા, ખેડા, આણંદ, પંચમહાલ, મહિસાગર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો છે. તો ઘણા જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે.

જેના પગલે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. ખેડૂતોએ મહા મહેનતે તૈયાર કરેલો પાક કમોસમી વરસાદના કારણે બરબાદ થઇ ગયો છે.માવઠાની આગાહી સાથે હવામાન વિભાગે માછીમારોને આગામી ૨૪ કલાક દરમિયાન દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી છે.

# માત્ર રૂ ૨૧ માં સોમનાથ મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરી શકાશે

સોમનાથ,તા.૨૯

સોમનાથ ટ્રસ્ટે શિવરાત્રી ના પાવન પર્વ પર ભક્તો માટે લોન્ચ કરી 'બિલ્વપુજા સેવા' માત્ર ૨૧ રૂપિયા ની ન્યોછાવર રાશિ સાથે કોઈ પણ ભક્ત તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરી શકાશે. રાજ્ય સરકારના વન પર્યાવરણ અને પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, શિવ દરબાર આશ્રમના ઉષા મૈયા, મહામંડલેશ્વર રમજુબાપુ સોમનાથ ટ્રસ્ટના મહાનુભવો દ્વારા આ પૂજા સેવા સોમનાથ પરિસર ખાતેથી લોન્ચ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી જેઓ સોમનાથ ટ્રસ્ટ ના અધ્યક્ષ છે અને સોમનાથ યાત્રા ધામ ના સર્વ ગ્રાહી વિકાસ માટે સતત માર્ગદર્શન આપી અનેક સુવિધાઓ સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિકસાવી રહ્યા છે.

# ગુજરાતમાં શા માટે લગભગ દરેક પરીક્ષાનું પેપર લીક થાય છે? કરોડો યુવાનોનું ભવિષ્ય બર્બાદ થયું છે : અરવિંદ કેજરીવાલ

અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં વધુ એક વખત જુનિયર ક્લાર્કના પેપર લીકની ઘટના સામે આવી છે. આ ઘટનામાં પોલીસ તપાસ દરમિયાન એક યુવકની ધરપકડ કરી છે. યુવક પાસેથી પ્રશ્રપત્રની નકલ મળી આવી હતી. પેપર મોકૂફ લેવાનો નિર્ણય લેવાતા આખરે ૯ લાખ ૫૩,૦૦૦થી વધુ ઉમેદવારોની મહેનત પાણમાં ગઈ છે. પંચાયત સેવા પસંદગી મંડળ વર્ગ ૩ જૂનિયર ક્લાર્કની પરીક્ષા માટે હવે પછી બીજી તારીખ જાહેર કરાશે. પેપર લીકની ઘટનાને લઈને આમ આદમી પાર્ટી ગુજરાતના અધ્યક્ષ ઈસુદાન ગઢવી અને દિલ્હીના સીએમ અને આપના સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને ભાજપ સરકાર પર આક્ષેપ કર્યો છે. જુનિયર ક્લાર્કના પેપર લીક મામલે દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યુ છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં શા માટે લગભગ દરેક પરીક્ષાનું પેપર લીક થાય છે? કરોડો યુવાનોનું ભવિષ્ય બર્બાદ થયું છે.. ઈસુદાન ગઢવીએ ટ્વીટ કરીને જણાવ્યું કે, ગજબ! પેપર નહીં ઉમેદવારોની કિસ્મત ફૂટી છે! ભરોસાની ભાજપ સરકારના કરોડો રૂપિયાના ખર્ચે લાગેલ બેનરોથી ઉમેદવારો અને એમના માતા-પિતા ફરી ભરોસો કરીને ૯૯થી વધારીને ૧૫૬ સીટો આપી. પરંતુ ભાજપે ફરી કૌભાંડો અને પેપર ફોડવાનું શરુ કરી દીધું! પંજાબમાં આરોગ્ય મંત્રીએ એક ટકો કમિશન માંગ્યું હતું.આ પરીક્ષા માટે ૭૫૦૦ પોલીસ સ્ટાફ અને ૭૦ હજાર પરીક્ષા સ્ટાફ પરીક્ષામાં તૈનાત કરવામાં આવ્યો હતો. વિવિધ જિલ્લાઓમાંથી પરીક્ષા આપવા માટે આવેલા ઉમેદવારો પરીક્ષા કેન્દ્રથી પોતાના મુળ રહેઠાણ ખાતે પરત જવા ગુજરાત એસ.ટી.બસમાં વિનામુલ્યે પ્રવાસ કરી શકશે. જે માટે ઉમેદવારે પોતાનો પ્રવેશપત્ર (કોલલેટર અથવાહોલ ટિકિટ)અને એસલ ફોટો ઓળખપત્ર બતાવીને ગુજરાત એસ.ટી.બસમાં વિનામુલ્યે મુસાફરી કરી શકશે.

# સુરતમાં ગેરકાયદેસર આઈફોન અને સ્માર્ટ વોચનો જથ્થો ઝડપાયો, ૨ આરોપીની ધરપકડ કરાઈ

સુરત,તા.૨૯

ગુજરાતના સુરત શહેરમાંથી ગેરકાયેદસર મંગાવેલા આઈફોન અને સ્માર્ટ વોચનો જથ્થો ઝડપાયો હતો. જેમા સુરત ક્રાઈમ બ્રાંચને બાતમી મળતા આરોપીને ત્યાં દરોડા પાડ્યાં હતાં અને ૨૩૮ નંગ આઈફોન અને સ્માર્ટ વોચનો જથ્થો જપ્ત કર્યો હતો. સુરત ક્રાઈમ બ્રાંચે આરોપી પાસે કુલ ૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાથે જ સુરત ક્રાઈમ બ્રાંચે ફઈમ મોતીવાલા અને સઈદ પટેલની ધડપકડ કરી હતી. મળતી માહિતી અનુસાર આ બંને આરોપીઓ વિદેશથી બોક્સ વિના ખુલ્લા આઈફોન મંગાવતા હતા. અને આરોપીઓ એ આઈફોનને સુરતમાં ખાલી બોક્સમાં પેક કરી તેના ઉપર નંબરવાળા સ્ટીકર લગાવીને ગ્રાહકોને વેચતા હોવાનો સામે આવ્યું છે.

આ અગાઉ પણ સુરત પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન સુરત સિટી અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતું. જેમાં નશાનો કારોબાર કરતા ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હતી. આ દરમિયાન સુરત પોલીસ કમિશનરના ધ્યાને આવ્યુ હતુ કે શહેરના કેટલાક પાનના ગલ્લા તથા કેટલાક ટોબેકો પ્રોડક્ટના હોલસેલ વિક્રેતાઓ દ્વારા ઈ-સિગારેટ ભારતીય હેલ્થ વોર્નિંગ વિનાની સિગારેટ અને ઈ-હુક્કાનું વેચાણ કરવામાં આવી રહ્યુ હતું. જેથી આવા રીટેઈલર તથા હોલેસેલ વેચાણ કરતા વિક્રેતા દુકાનદારોને શોધી કાઢી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ દરમિયાન એસઓજી પોલીસે બાતમીના આધારે ૭ જાન્યુઆરીના રોડ વેસુ વિસ્તારમાં આવેલા વિજય પાનની દુકાનમાં દરોડો પાડી તપાસ કરતા દુકાનમાંથી ૧૮ નંગ ઈ-સિગારેટ તથા નશો કરવા ઉપયોગમાં લેવાતા પેપર તથા સ્ટીક મળી આવ્યા હતા. પોલીસે દુકાનમાંથી કુલ ૧૯,૧૭૫નો મુદ્દામાલ કબજે કરી દુકાનદાર વિજયકુમાર બાબા પ્રસાદ ચોરસીયાની ધરપકડ કરી હતી. તેમજ દુકાનદારને આ જથ્થો રાંદેરમાં રહેતા તૈયબ નામના ઈસમને આપ્યો હોવાનું બહાર આવ્યુ હતુ. જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

આ દરમિયાન એસઓજી પોલીસે માહિતીના આધારે રાંદેરના બ્રિજ પાસે આવેલ લકી પાન પાર્લરમાં રેડ કરી હતી. આ દરમિયાન તૈયબ ઈકબાલ ભાયજીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની દુકાનમાંથી પણ ૬૦,૬૦૦ રૂપિયાની ૫૯ નંગ ઈ-સિગારેટનો જથ્થો કબજે કર્યો હતો. આરોપી સામે રાંદેર પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને આ મામલે પોલીસે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.